VOICE OF VAODARA
WEEKLY NEWSPAPER

RNI No. : GUJGUJ/2018/77001

વડોદરા થી દર મંગળવારે પ્રસિધ્ધ થતું અખબાર

# વોઈસ ઓફ વડોદરા

પ્રજાના પ્રશ્નોને વાંચા આપતું અગ્રીમ સાપ્તાહિક

EDITOR, OWNER, PUBLISHER AND PRINTER : GHADHIYALI MUMTAZ NISHAR MAHENDI

VOICE OF VADODARA

•તંત્રી: ઘડિયાળી મુમતાઝ નિસાર મહેંદી • વર્ષ - ૦૭ • અંક નં.૨૯ • તારીખ: ૨૪-૦૬-૨૦૨૫, મંગળવાર • મો. ૯૨૭૪૫૯૭૩૩૪ • કિંમત: ૧.૦૦ પાના -૪ • વાર્ષિક લવાજમ રૂા.૧૦૦
રજી. ઓફિસ એ-૧૫ રાજીવ આવાસ, જે.પી. પોલીસ સ્ટેશન, તાંદલજા, વડોદરા-૩૯૦૦૧૨, ગુજરાત

ન્યાયક્ષેત્ર વડોદરા કોર્ટને આધીન

EDITOR, OWNER, PUBLISHER AND PRINTER : GHADHIYALI MUMTAZ NISAR MAHENDI ■ YEAR : 07 ■ ISSUE : 29 ■ PAGE : 04 ■ PRICE RS.1.00 ■ DATE : 24-06-2025 TUESDAY ■ M. 9274597334 ■ WWW.VOVNEWS.IN
REGISTERED OFFICE : A-15 RAJIV AAVAS, NEAR J .P. POLICE STATION, TANDALJA VADODARA, 390012 (GUJARAT), VOICEOFVADODARA786@GMAIL.COM

## ‘ભારતમાં યાત્રા વખતે સાવચેત રહો’ : USની એડવાઈઝરી

### ભારતમાં બળાત્કાર, હિંસા અને આતંકવાદની ઘટનાઓમાં વૃદ્ધિ થઈ છેઃ અમેરિકાનો દાવો

અમેરિકાના વિદેશ વિભાગે ભારતમાં રહેતા, અહીં પ્રવાસે કે અન્ય કોઈ કામ માટે રહેતા તેના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી છે. જોકે જે કારણોસર તેને લેવલ-2ની ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી જારી કરી છે તે અત્યંત ચોંકાવનારો અને નિંદનીય છે.

આ ચોંકાવનારા નિર્ણયમાં અમેરિકાએ પોતાના નાગરિકો, ખાસ કરીને મહિલાઓને ભારતમાં કોઈ પણ પ્રવાસન સ્થળ કે અન્ય સાર્વજનિક સ્થાનો પર ‘વધુ સાવચેતી રાખવા’ની સલાહ આપી છે. વિદેશ વિભાગે એડવાઈઝરીમાં ભારતમાં બળાત્કાર, હિંસા અને આતંકવાદની ઘટનાઓમાં વૃદ્ધિનો હવાલો આપ્યો છે. આ એડવાઈઝરીમાં ગુનાઓ અને આતંકવાદને મુખ્ય કારણ ગણાવવામાં આવ્યા છે, જ્યાં કેટલાક ક્ષેત્રોમાં વધુ જોખમ હોવાનું કહેવામાં આવ્યુ છે. અમેરિકાની એડવાઈઝરી મુજબ, ભારતમાં હિંસક ગુનાઓ અને આતંકવાદ થાય છે. એમાં વિશેષ કરીને બળાત્કાર ભારતમાં સૌથી ઝડપથી વધી રહેલા ગુનાઓ પૈકી એક છે. જાતીય હિંસા સહિત હિંસક ગુનાઓ પ્રવાસન સ્થળો અને અન્ય સાર્વજનિક સ્થળો પર પણ થાય છે.

આતંકવાદના ખતરાનો ઉલ્લેખ કરીને અમેરિકાએ પોતાના નાગરિકોને પ્રવાસન સ્થળો, પરિવહન કેન્દ્રો, બજાર-શોપિંગ મોલ અને સરકારી સુવિધાઓથી બચવાની વિનંતી કરી છે. કારણ કે આ આતંકવાદી હુમલાઓ માટે સંવેદનશીલ માનવામાં આવે છે. જમ્મુ-કાશ્મીરના કેન્દ્ર પ્રદેશ માટે ખાસ ચેતવણી આપવામાં આવી છે, જ્યાં આતંકવાદ અને નાગરિક અશાંતિના કારણે યાત્રા નહીં કરવાની સલાહ આપી છે. એમાં પૂર્વ લદ્દાખ અને લેહના ક્ષેત્રોને અપવાદ રાખવામાં આવ્યા છે.

અમેરિકાના વિદેશ વિભાગે કહ્યું કે, આ ક્ષેત્રમાં આતંકવાદી હુમલા અને હિંસક નાગરિક અશાંતિ શક્ય છે. નાની-મોટી હિંસા થતી રહે છે અને ભારત-પાકિસ્તાનની વચ્ચેની નિયંત્રણ રેખા(એલઓસી) પર સામાન્ય છે. કાશ્મીર ખીણના પ્રવાસન સ્થળો જેવા કે શ્રીનગર, ગુલમર્ગ અને પહલગામમાં પણ હિંસા થાય છે. એડવાઈઝરીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ભારત સરકાર એલઓસીના કેટલાક ક્ષેત્રોમાં વિદેશી પ્રવાસીઓને જવાની મંજૂરી આપતી નથી.

આ ઉપરાંત, અમેરિકાએ પોતાના નાગરિકોને ભારત-પાકિસ્તાનની વચ્ચે સંભવિત સશસ્ત્ર સંઘર્ષ પ્રત્યે પણ સાવચેત કર્યા છે અને તેમને આંતરરાષ્ટ્રીય સરહદ પાસેના ભારતના ક્ષેત્રોમાં યાત્રા ન કરવાની સલાહ આપવામાં આવી છે.

અમેરિકાની એડવાઈઝરી પછી મોદી સરકાર વિપક્ષોના નિશાન પર આવી ગઈ છે. કોંગ્રેસે વ્યંગ કરીને કહ્યું કે, ‘‘મોદી હૈં તો મુમકિન હૈં.’’ જેનાથી સરકાર પર દબાણ વધી ગયું છે. કોંગ્રેસે અમેરિકાની ટ્રાવેલ એડવાઈઝરી પર મોદી સરકારની નીતિઓ સામે સવાલ કર્યા છે. આ ઉપરાંત, કર્ણાટક કોંગ્રેસે પણ અમેરિકાની એડવાઈઝરીને લઈને કેન્દ્રની મોદી સરકાર માટે ઝાટકો અને શરમજનક ગણાવી છે.

## નક્સલીઓ સાથે વાતચીત નહીં, ચોમાસાંમાં પણ કાર્યવાહી ચાલુ રખાશેઃ અમિત શાહ




કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આગામી વર્ષ 31 માર્ચ સુધીમાં નક્સલવાદનો સફાયો કરવાના કેન્દ્રના સંકલ્પનો પુર્નોચ્ચાર કરતા જણાવ્યું કે, ચોમાસાની ઋતુમાં પણ નક્સલવાદીઓ સામેની કાર્યવાહીમાં ઢીલ નહીં આપવામાં આવે અને તે ચાલુ જ રખાશે. નક્સવાદીઓ સાથે સરકાર હવે કોઈ જ વાતચીત નહીં કરે. રવિવારે અમિત શાહે છત્તીસગઢમાં નક્સલવાદને મૂળમાંથી ઉખાડવાના કેન્દ્ર સરકારના સંકલ્પને આગળ ધરીને જણાવ્યું કે, 31 માર્ચ 2026 સુધીમાં નક્સલવાદનો સફાયો કરાશે અને આ સમયમર્યાદામાં કોઈ બદલાવ નહીં કરવામાં આવે. અગાઉ ચોમાસાની ઋતુમાં જંગલોમાં સર્ચ અભિયાનમાં મુશ્કેલી પડતી હોવાથી નક્લવાદીઓને રાહત મળતી હતી પરંતુ શાહે જણાવ્યું કે, આ વખતે ચોમાસું હોવા છતાં નક્સ્લીઓને કોઈ રાહત આપવામાં નહીં આવે અને સરકારની કાર્યવાહી ચાલુ જ રખાશે.

અમિત શાહે છત્તીસગઢમાં અટલ નગર ખાતે રાષ્ટ્રીય ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી તથા કેન્દ્રીય ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના રાયપુર કેમ્પસનું ભૂમિપૂજન કર્યું હતું. આ પ્રસંગે સંબોધન કરતા કેન્દ્રીય ગૃહ મંત્રીએ નક્સલવાદીઓ પાસે હથિયારો ફેંકીને શરણાગતિનો ફક્ત એક જ વિકલ્પ હોવાની વાત જણાવી હતી. માઓવાદીઓને હથિયાર મૂકીને વિકાસની યાત્રામાં જોડાવા શાહે અપીલ કરી હતી. તેમની સાથે વાતચીતની કોઈ જરૂર નથી, તેઓ સરેન્ડર કરીને મુખ્ય પ્રવાહમાં પરત ફરી શકે છે. સરકારની આત્મસમર્પણની આ નીતિનો માઓવાદીઓએ લાભ લેવો જોઈએ. અગાઉ જેમણે હથિયારો છોડીને મુખ્યપ્રવાહનો વિકલ્પ પસંદ કર્યો હતો તેમનો હું હ્રદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. હું તેમને વિશ્વાસ અપાવું છું કે છત્તીસગઢ સરકાર તથા કેન્દ્રે તેમને જે વચન આપ્યું છે તે કોઈપણ ભોગે પૂરું કરવામાં આવશે.

શાહે રાજ્યમાં માઓવાદીઓ સામેની કાર્યવાહીને વધુ તીવ્ર બનાવવા બદલ મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈ અને નાયબ મુખ્યમંત્રી વિજય શર્માની પ્રશંસા કરતા બંને નેતાઓને પોલીસને વધુ પ્રેરણા પૂરી પાડવા બદલ કેન્દ્ર વતી અભિનંદન આપ્યા હતા.

## બેગમાં શું બોમ્બ છે?,યાત્રીની ટિપ્પણીથી CISF સહિતની એજન્સીઓ દોડતી થઈ

### એરપોર્ટ પર સામાન ચેક કરતી વેળા ઘટના, કશું વાંધાજનક ન મળ્યું

વડોદરા એરપોર્ટ પર સાંજના સમયે સીઆઈએસએફના રૂટિન સામાન ચેકિંગ દરમિયાન એક મુસાફરની બોમ્બ વિષયક ટિપ્પણીએ પોલીસ, આઈબી સહિતની 4 એજન્સીઓને દોડતી કરી દીધી હતી. મુસાફરે ચેકિંગ દરમિયાન બેગમાં શું ચેક કરો છો , બેગમાં બોમ્બ છે? એવું કહેતાં સીઆઈએસએફ સહિતના જવાનો એલર્ટ થઈ ગયા હતા અને એસઓજી, સ્ટેટ-સેન્ટ્રલ આઈબી સહિત એજન્સીની ટીમોએ પણ તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહીના પગલે એરપોર્ટ પર હાજર મુસાફરોમાં પણ એક તબક્કે ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.

વડોદરાથી દિલ્હીની ઈન્ડિગોની ફ્લાઈટ 5.40 વાગ્યે ઊપડવાની હતી, પણ તે અગાઉ મુસાફરોના સામાનનું ચેકિંગ કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન આધેડ વયના એક મુસાફરની બેગનું સીઆઈએસએફ જવાન દ્વારા ચેકિંગ કરવામાં આવી રહ્યું હતું.

આ તપાસથી અકળાયેલા મુસાફરે શું ચેક કરો છો, બેગમાં બોમ્બ છે, એવો સવાલ કરતાં સીઆઈએસએફે એરપોર્ટ સિક્યુરિટી અને પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરતાં પોલીસ દોડતી થઈ હતી. જોતજોતામાં એસઓજી, સ્ટેટ આઈબી, સેન્ટ્રરલ આઈબી, ડોગ સ્ક્વોડ અને બોમ્બ સ્ક્વોડ આવી જતાં એરપોર્ટ પર મુસાફરોમાં બોમ્બ મળ્યાની અફવા ફેલાતાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયું હતું. જોકે આ બાબતની સઘન તપાસ કરતાં મુસાફરના સામાનમાંથી કશું વાંધાજનક મળી ન આવતાં એજન્સીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. છેવટે સબ સલામત જણાતાં ફ્લાઈટને 8.05 કલાકે રવાના કરવામાં આવી હતી. એરપોર્ટ ઓથોરિટીના જણાવ્યા મુજબ, એરપોર્ટ પર બોમ્બ વિષયક ટિપ્પણી કરનાર મુસાફરના સામાનમાંથી ભારતીય પાસપોર્ટ ઉપરાંત એક મેડિકલ ફાઈલ મળી આવી હતી. જેમાં તેમની માનસિક બીમારીની દવા ચાલતી હોવાની શક્યતા પ્રાથમિકપણે જણાઈ હતી. આ મુસાફર વડોદરાથી અમેરિકા જઈ રહ્યા હતા. વડોદરા એરપોર્ટથી દિલ્હી અને ત્યાંથી અમેરિકાની ફ્લાઈટ લેવાના હતા એવું તપાસમાં બહાર આવ્યું હતું.

## આવાસ યોજનાની સ્કીમમાં રૂપિયા ખૂટતાં જરૂરિયાતમંદોને મદદ કરી



રવિવારના રોજ અમદાવાદ ચંડોળા તળાવ ખાતે જે લોકોના મકાનો દબાણમાં ગયેલ છે એમાંથી સરકાર શ્રી દ્વારા સરકારી ધારાધોરણ મુજબ આવાસ યોજના ની સ્કીમમાં મકાન ફાળવવા માટે ફોર્મ આપેલ છે જે ફોર્મની સાથે 7,500 ની નજીવી રકમ જમા કરાવવાની રહેશે પરંતુ ત્યાંના ગરીબ સ્થાનિક હિન્દુ / મુસ્લિમ ના કેટલાક પરિવારો પાસે આ રકમ ભરવા માટે પણ કેપેસિટી ન હતી , અમોએ મદદગારો દ્વારા 20 થી 25 જરૂરિયાત મંદોને બંધ કવરમાં 7,500 ફાળવણી કરી , જેમાં પૂર્વ નિયામક યાસીન ખાનભાઈ બલોચ, ગુજરાત રાજ્ય હજ સમિતિના ડિરેક્ટર નાસીરખાન બલોચ, બલોચ સમાજના યુવા મોરચાના અધ્યક્ષ અબ્દુલ અહદભાઈ ખાસ હાજર રહ્યા, હિન્દુ તેમજ મુસ્લિમ પરિવારો તરફથી આશીર્વાદ/દુવાઓ મેળવી, રૂપિયા બે લાખ ની મદદ કરવામાં આવી, અને હિન્દુ /મુસ્લિમ ભાઈચારા સાથે આગળ પણ જરૂરતમંદોને આ રીતે મદદ કરવા તૈયારી બતાવી,

## પાલિકા દ્વારા નોટિસઃચોમાસામાં પાણી ન ભરાય તે માટે 26 કન્સ્ટ્રક્શન સાઈટ-કોન્ટ્રાક્ટરોને નોટિસ

ચોમાસાને ધ્યાનમાં રાખી 26 જેટલી બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન સાઈટ અને તમામ કોન્ટ્રાક્ટરોને પાલિકાએ નોટિસ આપી છે. જેમાં બેઝમેન્ટમાં થતું ખોદકામ કે અન્ય સ્થળે પાણી ન ભરાય તે માટે તકેદારી રાખવા સૂચના અપાઈ છે. અકસ્માત ન થાય તેને ધ્યાનમાં રાખી યોગ્ય રીતે માટી પુરાણ કરી કામ કરવાનું રહેશે.

પાલિકા દ્વારા ચોમાસાને ધ્યાનમાં રાખી તમામ કોન્ટ્રાક્ટર અને 26 બિલ્ડિંગ કન્સ્ટ્રક્શનનું કામ કરતા બિલ્ડરોને નોટિસ આપી બેઝમેન્ટનું ખોદકામ કે અન્ય પાણી ભરાયાના પ્રશ્નો સર્જાય નહીં તે માટે તકેદારી રાખવા સૂચના આપી છે. ચોમાસામાં પાણી ભરાય નહીં તેને ધ્યાનમાં રાખી જમીન લેવલ રાખવામાં આવે સાથે તેની આસપાસમાં બેરીકેડ લગાવી રાખી યોગ્ય કામગીરી કરવા પાલિકાએ સૂચના આપી છે. કોન્ટ્રાક્ટરોએ સૂચના મુજબ જ્યાં ખાડા ખોદાયા હતા તેનું પુરાણ કરવાની કાર્યવાહી હાથ ધરી છે સાથે જરૂરી સેફટીના પગલાં પણ લેવામાં આવી રહ્યા છે.

એ જ પ્રમાણે શહેરમાં બિલ્ડરો દ્વારા બહુમાળી ઈમારતના બાંધકામ ચાલી રહ્યા છે ત્યારે પાણી ભરાવાના કે તેને કારણે મચ્છરોનો ત્રાસ થાય નહીં અને રોગચાળો ફેલાય નહીં તેની ખાસ તકેદારી રાખવા બાંધકામ પરવાનગી વિભાગે 26 જેટલી બાંધકામની સાઈટોના સંચાલકોને નોટિસ આપી સૂચના આપી છે.

આગામી ચોમાસાની ઋતુને ધ્યાને લેતાં સ્થળે ચાલતાં પાયાના ખોદકામ કે બેઝમેન્ટનું ખોદાણને સુરક્ષિત લેવલે લઈ આવવા તથા ખોદાણને કારણે પાણી ભરાવાથી જાનમાલને નુકસાન ન થાય તે રીતે સ્ટ્રક્ચરલી સલામત કરી તથા આજુબાજુની મિલકતની સલામતી ન જોખમાય તે મુજબ કાર્યવાહી કરી ફોટોગ્રાફ સહ જાણ કરવા જણાવ્યું છે. સાઈટની આજુબાજુ પતરાં, શીટ વગેરે લગાવી જરૂરી બેરીકેટ તેમજ રાત્રીના સમયે પણ દૂરથી જોઈ શકાય તેમ જરૂરી વ્યવસ્થા કરવી.

## પૂર્વ CMને શ્રદ્ધાંજલિ:વિમાન દુર્ઘટનામાં અવસાન પામેલા પૂર્વ CM વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ

વિમાન દુર્ઘટનામાં અવસાન પામનાર ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત મૃતકોને ભાજપ મહાનગર દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. તાજેતરમાં અમદાવાદ ખાતે વિમાન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત અનેક નાગરિકો હતાહત થયા હતા. સ્વર્ગસ્થોના માનમા ભારતીય જનતા પાર્ટી વડોદરા મહાનગર દ્વારા નમો કમલમ ખાતે”શ્રદ્ધાંજલિ અર્પણ કરવા પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રાર્થના સભામાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો, વૈષ્ણવ સંપ્રદાયના મહંતો, શહેર પ્રમુખ.ડો. જયપ્રકાશ સોની, વિધાનસભાના દંડક. બાલકૃષ્ણ શુક્લ,મેયર પિન્કીબેન સોની, ચેરમેન ડો.શીતલ મિસ્ત્રી, ડેપ્યુટી મેયર ચિરાગ બારોટ, ધારાસભ્ય યોગેશ પટેલ , કેયુર રોકડિયા, મનિષા વકીલ, પૂર્વ ધારાસભ્યો, મ્યુનિસિપલ કાઉન્સિલરઓ ,પૂર્વ કાઉન્સિલરઓ, તમામ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિધાનસભાના દંડક બાલકૃષ્ણ શુક્લ એ જણાવ્યું હતું કે વિશ્વનું સૌથી સુરક્ષિત વિમાન ગુજરાતમાં જ દુર્ઘટના પામ્યું તેમાં આપણે સૌએ પુર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત અનેક નાગરિકોને ગુમાવ્યા તેનું દુ:ખ છે. આરએસએસના સંસ્કારી વિજયભાઈને જનસંઘના અગ્રણીઓ ચીમનભાઈ શુક્લ, અરવિંદભાઈ મણિયાર, કેશુભાઈ પટેલ જેવા કુશળ નેતૃત્વના માર્ગદર્શન હેઠળ રાજકીય ફલક ઉપર પહોંચ્યા હતા.

પૂર્વ મંત્રી જીતુ સુખડિયાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થી કાળથી સંઘના સંસ્કારો લઈ જનસંઘ, ભાજપમાં મુખ્યમંત્રી પદ સુધી પહોંચ્યા છતાં કાર્યકર્તા તરીકે સહજ રહ્યા હતા. પૂર્વમંત્રી ભુપેન્દ્ર લાખાવાલાએ વિજયભાઈ સાથેના સ્મરણો વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ફૂડ કમિશનર તરીકેની મારી જવાબદારી દરમિયાન અનેકવાર આત્મીયતાના દર્શન કરાવ્યા હતા. પૂર્વ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે વડોદરા ખાતે વોર્ડ નંબર- 16 માં “માં કાર્ડ “વિતરણ કરવાના કાર્યક્રમમાં પાયાના કાર્યકર્તાઓની સ્ટેજ ઉપર સ્થાન આપી કુશળ સંગઠક નો પરિચય કરાવ્યો હતો.

## ચોમાસામાં પણ ખાડા અને રોડના પેચવર્કનું કામ કરાશે:VMC

### ‘કોલ્ડ મિક્સ ડામર’નો ઉપયોગ કરી નાના-મોટા ખાડા પુરશે



વડોદરા કોર્પોરેશન પ્રવર્તમાન ચોમાસાની ઋતુમાં સંભવત: કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સજ્જ થઈ ગયું છે. ભારે વરસાદ દરમિયાન માર્ગો ઉપર નાના-મોટા ખાડા પડતા હોય છે, ત્યારે પાલિકા દ્વારા આ ખાડા ‘કોલ્ડ મિક્સ ડામર’ દ્વારા તરત જ પુરી દેવાનું આયોજન કરી દેવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, વડોદરા કોર્પોરેશન દ્વારા ચોમાસાની ઋતુ સિવાય ‘હોટ મિક્સ ડામર’નો ઉપયોગ કરવામાં આવે છે. ‘હોટ મિક્સ ડામર’થી ખાડા, પેચવર્ક, તેમજ નવો રોડ બનાવવામાં આવતો હોય છે. પાલિકા દ્વારા હાલ જે માર્ગો ઉપર ડ્રેનેજ, પાણી લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી નથી. તેવા તમામ માર્ગો ઉપર ‘હોટ મિક્સ ડામર’નો ઉપયોગ કરી રોડ બનાવી દેવામાં આવ્યા છે. અને ચાલુ વરસાદ દરમિયાન નાના મોટા ખાડા પડે તો તેને પુરવા માટે ‘કોલ્ડ મિક્સ ડામર’થી પુરવાની તૈયારી કરી દીધી છે.

‘કોલ્ડ મિક્સ ડામર’ અંગેની માહિતી આપતા વડોદરા કોર્પોરેશનના એડિશનલ સિટી એન્જિનિયર અને પાણી પુરવઠા તથા રોડ પ્રોજેક્ટ શાખાના કાર્યપાલક ઈજનેર ધાર્મિક દવેએ જણાવ્યું હતું કે, શહેરીજનોને ચોમાસામાં રોડ ઉપર પડેલા ખાડામાંથી પસાર થવું ન પડે તે માટે ચાલુ વરસાદમાં પણ ખાડા પુરવાની કામગીરી કરવામાં આવે છે. સામાન્ય રીતે લોકો વિચારે છે કે, પાલિકા ચાલુ વરસાદમાં પણ ડામર પાથરી ખાડા પૂરી રહી છે. પરંતુ, ચાલુ વરસાદમાં ખાડા પુરવા માટે ‘કોલ્ડ મિક્સ ડામર’નો ઉપયોગ કરવામાં આવે છે અને તે પાછલા ઘણાં વર્ષોથી થાય છે.

# સંકલન બેઠકમાં ધારાસભ્યો ગિન્નાયાઃ અધિકારીઓ ઓફિસમાં ન બેસી રહો, ફિલ્ડમાં નીકળો

મહિનાઓ પહેલા વિકાસ કામો અને સમસ્યાઓની રજૂઆત છતાં કામ ન થતાં સાંસદ-ધારાસભ્યોની સંકલન બેઠકમાં ધારાસભ્યો ગિન્નાયા હતા. ધારાસભ્ય મનીષા વકીલે ટકોર કરી કે વારસિયા રીંગ રોડ પર મહિનાથી રોડનું કામ ધીમું ચાલે છે. અમે અધિકારી સાથે ગયા તો 4 દિવસમાં જ કામ અડધું પૂર્ણ થયું છે. ઓફિસમાં બેસવાની જગ્યાએ અધિકારી ફિલ્ડમાં નીકળે.

ધારાસભ્ય મનિષાબેન વકીલે કહ્યું કે, એક વર્ષ પહેલાં સ્વિમિંગ પૂલની માંગ કરી હતી. જેમાં ફાઈનલ પ્લોટ પણ નક્કી થયો છે છતાં કામ કેટલે પહોંચ્યું છે? હરણીમાં સબ સ્ટેશનની જરૂર છે. પ્લોટના નાણા આપવા જેટકો તૈયાર છે તો એ દિશામાં કામ ઝડપથી થવું જોઈએ. વારસિયા રિંગ રોડ પર રોડનું કામ મહિનાથી બંધ છે. ફરિયાદ મળતા અધિકારીઓ સાથે ફરી 4 દિવસમાં અડધા રોડનું કામ પૂર્ણ કરાવ્યું. એરપોર્ટ સર્કલ અને ખોડિયારનગર તરફના રોડ પર લીનીયર ગાર્ડનની સાઈઝ ઘટાડવી જોઈએ. સિગ્નલ 5મી વખત ખુલે ત્યારે ક્રોસ થાય છે. તેઓએ અમિતનગર બ્રિજથી પરંતુ બ્રિજ બને તો ટ્રાફિકની સમસ્યા હલ થાય તેવી રજૂઆત કરી હતી.

બેઠકમાં ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાએ લીનીયર પાર્કનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, સરકારે 50 કરોડની જાહેરાત કરી છે, એક વર્ષ સુધી કામ આગળ વધતું નથી. ભાયલીમાં ગણેશ વિસર્જન માટેનું કૃત્રિમ તળાવ મોટું કરવું જોઈએ. જેથી દર્શાવવાની મૂર્તિનું વિસર્જન થાય. 75 મીટરના રીંગરોડને જોડતા રસ્તા ખોલો.



## શહેરમાં દરેક વિસ્તારમાં 75 મીટર રિંગરોડને જોડતા તમામ રોડ ખુલ્લા કરવા જોઈએ : કેયુર રોકડિયા

ધારાસભ્ય કેયુર રોકડિયાએ કહ્યું કે, ટીપી પડી રહી છે અને મંજૂર થઈ રહી છે ત્યારે રસ્તા ખોલવા જોઈએ. તદુપરાંત 75 મીટરના રીંગરોડને મળતા રોડને ખુલ્લા કરવા જોઈએ. નવાયાર્ડથી છાણી તરફનો નવો બ્રિજ બનશે તો નવો રોડ ખુલશે. તેઓએ દશામાં તળાવનું ડેવલપમેન્ટ ઈસ્કોન હાઈટ્સની જગ્યાએ શાકમાર્કેટ અને સ્વિમિંગ પૂલ, છાણી લિનિયર પાર્ક અને નવા સમાવિષ્ટ ગામોમાં ડ્રેનેજ નેટવર્કનો મુદ્દો ઉઠાવ્યો હતો.



## અતાપીને એન્ટ્રી ફી વધારે, આજવામાંથી નજીકના તમામ ગામોને પાણી મળવું જોઈએ : ધર્મેન્દ્રસિંહ વાઘેલા

વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું કે, આતાપી વન્ડરલેન્ડમાં મસમોટી ફી લેવાય છે. સ્થાનિકોને ફ્રી એન્ટ્રી મળવી જોઈએ. જેથી ગૌરી વ્રતમાં બાળકીઓ ત્યાં જઈ શકે. ગાયકવાડી સમયે આજવા સરોવરમાંથી આસપાસના ગામોને પાણી અપાતું હતું. હાલમાં પણ એ પાણી ગ્રામજનોને મળે તેવી તેઓએ રજૂઆત કરી હતી.



તંત્રી સ્થાનેથી ....

■ ઘડિયાળી મુમતાઝ

# ચોમાસાનો આગોતરો આરંભ, ડેમો પ્રથમ રાઉન્ડમાં ભરાયા

રાજાઓના રાજા મેઘરાજાએ મોસમને જરાક વળાંક આપીને નૂતન આશાઓનો સંચાર કર્યો છે. એનાથી ગુજરાતના જનજીવનમાં ઉત્સાહ વધ્યો છે. ચોમાસાની ચાલ આ વખતે શરૂઆતથી જ ભેદી તો રહી છે. સમગ્ર ગુજરાતમાં વરસાદ માત્રાભેદથી વરસે છે. એ જમાનો તો હવે છે નહિ કે સાર્વત્રિક એક સરખો વરસાદ હોય. ખોબા જેવડા ગામમાં પણ ક્યાંક વરસે ને ક્યાંક ન વરસે એ સહુનો અનુભવ છે. પહેલા જુદા જુદા માવઠાં અવતર્યા ને પછી કેરળથી ચોમાસાનો સત્તાવાર આરંભ થયો. આ વરસે વહેલા વરસાદે ચોમાસાની આખી ડિઝાઈન ફેરવી નાંખી છે. એની અસર હજુ પણ રહેશે. એ વખતે સારા વરસાદથી હર્ષઘેલા થયેલા દરિયા કિનારાના કેટલાક વિસ્તારોમાં ત્યાર પછીનો બીજો વરસાદ આવ્યો નથી. દક્ષિણ ગુજરાતની તો ભૌગોલિક સ્થિતિ જ કુદરતનો અધિક પ્રેમ ધરાવતી છે. આ વરસે પણ રાજ્યમાં ચોમાસાનો પાક ત્યાં વધુ સારો આવશે. એનું એક બીજું કારણ એ છે કે દક્ષિણ ગુજરાતના ખેડૂતોએ બાગાયતી પાક ચાલુ રાખ્યા છે. એનાથી એ જમીન કસવાળી રહી છે. ઉનાળામાં ખેતરો સાવ ખુલ્લા હોય ત્યાં પાણીના તળ ઊંડે જતા રહે છે. સૌરાષ્ટ્રમાં તાલાળા ગીર સિવાયના પ્રદેશોમાં બાગાયતી પાકનું નામ-એ-નિશાન નથી. વૈકલ્પિક ખેતી તરફ આમ તો ગુજરાતના કિસાનોની ઉદાસી જાણીતી છે. આંતરપાકમાં પણ બેદરકારી છે. ગુજરાતને છેલ્લા પાંચ-છ વરસથી કેરળના ચોમાસાનો લાભ મળતો નથી. આ વખતે તો દક્ષિણનું ચોમાસું ઉપર આવ્યું કે નહિ એ આકાશમાં જોવાથી ખબર નહિ પડે. કેરળનું ચોમાસું હવે માત્ર ઉદઘાટનના સમાચાર જ છે. એક જમાનામાં હાથીઓના વિરાટ સૈન્ય જેવા વાદળોના દળ દક્ષિણના સાગરકાંઠેથી ઉપર તરફ આવતા અને આખા મહારાષ્ટ્રના કાંઠાળ પ્રદેશને ભીંજવીને પછી ગુજરાતમાં ધોધમાર વરસતા અને તોય આભનો એ ગાભ ખાલી ન થતો તે છેક રાજસ્થાન અને પાકિસ્તાન પર પણ એ વરસાદ પડતો. હવે તો કેરળથી સહેજ આગળ વધે ત્યાં એ વાદળાઓ ખાલી થઈ જાય છે. ગુજરાતમાં ચેક ડેમ લાખોની સંખ્યામાં છે. એ ચેક ડેમ અત્યારે ભરાઈ તો જાય છે પણ થોડા દિવસોમાં ખાલી થઈ જાય છે કારણ કે જમીન પાણી શોષી લે છે. એ પાણી ટકે એટલો ઉપરવાસનો વરસાદ હોય તો જ ચેક ડેમ કામમાં આવે. શહેરોની સ્થિતિ જુદી છે. અનેકાનેક સોસાયટીઓમાં પોતપોતાના પાણીના બોર છે. હવે આ બોરના તળમાં પાણી આવવા માટે વસાહતોની નજીકમાં ખુલ્લા મેદાનો હોવા જોઈએ. પાણીના બોર માટેના એ કમાન્ડ પ્લોટ કહેવાય. પરંતુ હવે તો દરેક શહેરોમાં એક પછી એક અડોઅડની સોસાયટીઓ અને ફ્લેટ પરિસર બની ગયા છે એટલે બોરમાં પાણી આવવાના બધા ભૂગર્ભ રસ્તાઓ બંધ થઈ ગયા છે. એટલે સારો વરસાદ હોય તોય પાણી ઉપરથી જ વહી જાય છે ને બોર ખાલી રહી જાય છે. ગુજરાતમાં પાણીના ટેન્કરોનો વ્યાપાર વિસ્તરવાના આ જ કારણો છે. અત્યારે ગુજરાતના આકાશ પર બંગાળના અખાતના હવાના હળવા દબાણથી એકીકૃત થયેલા વાદળો પવનના પ્રવાહે પશ્ચિમ ભારત પર છવાયેલા છે તેનો લાભ મળે છે. સામાન્ય રીતે તો હજુ બંગાળના અખાતમાંથી આવા બે - ત્રણ રાઉન્ડ આવવાની ગણતરી હોય છે પરંતુ આ વખતે અલનિનોની આંશિક અસર હોવાથી એ આવે તો આવે. આ વખતના ચોમાસાનો ખરો આધાર હવે પછીના વરસાદના રાઉન્ડ પર છે. છતાં ગુજરાતના જે એકવીસ તાલુકાઓમાં સાવ અછતની પરિસ્થિતિ હતી તે યાદી હવે ટૂંકી થઈ ગઈ છે. એનાથી સરકારના કરોડો રૂપિયા બચી ગયા છે. છતાંય ચોમાસાના ખરેખરા પરિપાકનો અંદાજ બાંધવાનો આ સમય નથી. કેરળનું ચોમાસું, બંગાળનો અખાત ઉપરાંત ગુજરાતની ભાગાયરેખાનો વધુ એક આધાર નૈઋત્યના પાછા ફરતા મોસમી પવનો છે. એ પવન પાછલા વરસોની તુલનામાં ધીમા પડતા જાય છે એ જ કારણે પૂર્વોત્તર ભારતમાં જે વધુ પડતો વરસાદ છે એમાં મધ્યપ્રદેશ અને ગુજરાતના 'ભાગ'નો વરસાદ પણ ત્યાં નજીકમાં જ વરસી પડે છે અને આપણા ખેતરો રાહ જોતાં રહી જાય છે. છેલ્લા બેત્રણ દિવસથી પૂર્વોત્તર ભારત પર બારેય મેઘ ખાંગા થઈને તૂટી પડયા છે.

# ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ વાઘોડિયા રોડની શાખા દ્વારા 10માં સ્થાપના દિને રક્તદાન શિબિર યોજાઈ



ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ વડોદરાની વાઘોડિયા રોડની શાખા દ્વારા 10 માં સ્થાપના દિને રક્તદાન શિબિર યોજાઈ. ગુજરાતની સૌથી મોટી અર્બન કો-ઓપરેટીવ બેંક છેલ્લા 54 વર્ષથી ગુજરાતમાં વિવિધ શાખાઓ ધરાવે છે તે અંતર્ગત વડોદરા શહેરના પૂર્વ વિસ્તારના પ્રભાત બસ સ્ટેન્ડ પાસે વાઘોડિયા રોડ ખાતે આવેલ થી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટિવ બેન્કના દસમા સ્થાપના દિને. રક્તદાન શિબિર નું આયોજન

ઈન્દુ બ્લડ બેન્ક ના સહયોગથી મુખ્ય મહેમાન વધે શાહી સમિતિના માજી અધ્યક્ષ ડોક્ટર હિતેન્દ્ર પટેલ કમિટી મેમ્બર હેમંતભાઈ જોશી ઠાકોરભાઈ પટેલ ગૌતમભાઈ કોઠારી વૈષ્ણવ સમાજના અગ્રણીઓ રાજેન્દ્ર .જે. શાહ જબુગામ વાળા, સુનિલભાઈ ચોકસી, સુરેશભાઈ શાહ, વિજયભાઈ ઉર્ફે શંભુભાઈ, બીપીનભાઈ ઢોલી, શાખાના મેનેજર પરવેશભાઈ સૈયદ સ્ટાફ મેમ્બર ની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરીને રક્તદાન મહાદાન, સ્વસ્થ ભારત કી ઔર એક કદમ, એમ રક્તદાન શિબિરનું પ્રારંભ કરાયો .આમ અત્યાર સુધીમાં ગુજરાત ભર ની કાલુપુરની વિવિધ શાખાઓ દ્વારા 6,000 થી વધારે યુનિટ રક્ત ભેગુ કરીને જરૂરિયાત રક્ત ની ઉણપ વાળા દર્દીઓને આપવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં રક્તદાન શિબિરની સાથે સામાજિક વનીકરણ એક પેડ માઁ કે નામ ,વૃક્ષ વાવો વરસાદ લાવો પર્યાવરણ બચાવો એ શુભ હેતુસર શાખા દ્વારા દરેક રક્તદાતાઓને વૃક્ષના છોડ વિતરણ કરવામાં આવ્યું. અંદાજિત 90 થી વધુ રક્તદાતાઓ દાન કરતા દાતો બડા મહાન એમ રક્તદાન કરીને પોતાનું બહુમૂલ્ય યોગદાન સમાજ લક્ષી સેવાને અર્પણ કરતા રક્ત દાતાઓ જોવા મળ્યા. સદર કાર્યક્રમનું સુંદર આયોજન શાખાના કર્મચારીઓ મેનેજર દ્વારા કરવામાં આવ્યું અને સ્થાપના દિનને સમાજલક્ષી સેવાઓ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી.

# અકોટા પોલીસ લાઈનમાં દસ દિવસથી ઉભરાતી ગટરોના પાણીથી લોકો પરેશાન



વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા અકોટા પોલીસ લાઈન ખાતે છેલ્લા દસ દિવસથી ગટરો ઉભરાઈ રહી છે. શહેરની રખેવાળી કરતા પોલીસ જવાનોને ફરજ પર જવાની તથા વિસ્તારમાં આવેલી સરકારી શાળામાં બાળકોને જવાની ફરજ પડે છે. જેથી સ્થાનિક પોલીસ પરિવારોમાં પાણીજન્ય રોગચાળાની દહેશત વ્યાપી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અકોટા વિસ્તારની પોલીસ લાઈનમાં અનેક પરિવારો રહે છે. જ્યારે નજીકમાં જ સરકારી સ્કૂલ આવેલી છે. આ વિસ્તારમાં છેલ્લા દસ દિવસથી ગટરો ઉભરાઈ રહી છે જેથી સ્થાનિક લોકો સહિત પોલીસોને પણ આવા ગંદા પાણીમાંથી અવરજવર કરવી પડે છે. જોકે શાળામાં ભણતા વિદ્યાર્થીઓને પણ ગટરના ગંદા પાણીમાંથી સતત પસાર થવું પડે છે. આ અંગે સ્થાનિક વોર્ડ કચેરી અને પાલિકા કચેરીએ પણ વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ નહીં આવ્યો હોવાના સ્થાનિકોએ આક્ષેપ કર્યા છે. જ્યારે કોર્પોરેટરોને આ વિસ્તારમાં આવવાની કોઈ ફુરસદ પણ નહીં મળતી હોવાની ફરિયાદો પણ સ્થાનિકો કરી રહ્યા છે.

છેલ્લા દસ દિવસથી ગટરના ઉભરાઈ રહેલા દૂષિત પાણીમાંથી બાળકો સહિત સૌ કોઈને આવન જાવન કરવી પડે છે પરિણામે પરિવારજનોમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાની ભીતિ સેવાઈ રહી છે. જોકે તંત્રની ગાડી આ વિસ્તારમાં આવતી હોવાથી ચક્કર મારીને પાલિકા કર્મીઓ જતા રહે છે પરંતુ સ્થાનિક રહીશોની ફરિયાદો અંગે ધ્યાન આપવાની કોઈને ફૂરસદ જ મળતી નથી. જોકે સ્થાનિક કોર્પોરેટરો પણ આ વિસ્તારમાં ભાગ્યે જ જોવા મળી રહ્યા હોવાનું સ્થાનિક રહીશો જણાવી રહ્યા છે.

# વડોદરામાં વોર્ડ વિસ્તારમાં દરરોજ સવારે સાત વાગ્યે સફાઈ કામ ચાલુ કરી દેવા સુચના

વડોદરા મહાનગરપાલિકા વિસ્તારમાં દૈનિક સફાઈની કામગીરી નિયમિત, સમયસર તથા સુચારુરૂપે થાય અને શહેરમાં સ્વચ્છતા જળવાય તે માટે કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા છે. જેમાં વોર્ડ વિસ્તારમાં દરરોજ સવારે 7 વાગે સફાઈ કામ ચાલુ કરી દેવા સૂચના આપવામાં આવી છે.

મ્યુનિ. કમિશનરના અધ્યક્ષ સ્થાને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા અને વિવિધ વોર્ડના અધિકારી સાથે સફાઈ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં સફાઈ કામગીરીમાં જરૂરી સંકલન જાળવી રાખવાની આવશ્યકતા પર પર ભાર મુકાયો છે. વિશ્વામિત્રી કાંઠે કન્સ્ટ્રકશન અને ડીમોલીશન વેસ્ટ નાંખનાર ઈસમોની ઓળખ કરી અને તેઓને નોટીસ આપવાનું કહેવાયું છે. આ ઉપરાંત વોર્ડ દીઠ સફાઈ નહીં રાખતી દુકાનો લારી ગલ્લાઓ અને ધંધાદારી એકમોને પણ દંડિત કરવામાં આવશે. સ્વચ્છતામાં ગુજરાત રાજ્યને દેશમાં અગ્રેસર બનાવવા સરકાર દ્વારા નિર્મળ ગુજરાત 2.0 લોન્ચ કરવામાં આવેલ છે. સ્વચ્છતાની કામગીરી કરતા સફાઈ કર્મચારીઓ પૈકી શ્રેષ્ઠ સફાઈમિત્રોની પસંદગી કરીને તેઓને માસિક ધોરણે એવોર્ડ આપવામાં આવશે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા મે-2025 માસમાં વોર્ડ દીઠ પસંદગી પામેલ શ્રેષ્ઠ સફાઈ મિત્રોને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# વડોદરાના કલાલી વિસ્તારમાં રસ્તાનું ધોવાણ થઈ જતા રહીશોનુ વિરોધ પ્રદર્શન



વડોદરા શહેરના કલાલી વિસ્તારમાં સામાન્ય વરસાદમાં રસ્તાનું ધોવાણ થઈ જતા પ્રમુખ સ્વામી કુટીર સોસાયટીના રહીશોએ તંત્ર વિરુદ્ધ આક્રોશ દર્શાવી વિરોધ નોંધાવ્યો હતો. અને રસ્તાની સુવિધા ઉપલબ્ધ નહીં થાય ત્યાં સુધી નેતાઓના સોસાયટીમાં પ્રવેશ ઉપર પ્રતિબંધ લગાવી ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી હતી.

શહેરના કલાલી વિસ્તારમાં ટ્રાન્સપેક કંપનીની પાછળ આવેલ પ્રમુખ સ્વામી કુટેર સોસાયટીના રહીશોએ રોડ રસ્તાની સુવિધા ને લઈને તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. રહીશોનો આક્ષેપ હતો કે, રસ્તા ઉપરથી પસાર થતાં તમામ લોકોને તકલીફ પડી રહી છે, ખાસ કરીને બાળકો અને સિનિયર સિટીઝનોને વધુ મુશ્કેલી પડે છે, કોર્પોરેશનએ રસ્તો બરાબર બનાવ્યો નથી, જેથી કોઈને મત નહીં આપીએ ખાસ કરીને ભાજપના કાર્યકર્તાઓને સોસાયટીમાં એન્ટ્રી મળશે નહીં, અહીં છેલ્લા છ મહિનાથી પાણી, ડ્રેનેજ અને રસ્તાની સમસ્યા છે, રસ્તા ઉપર નહેર બનાવી નાખતા તેના કાટમાળથી કીચડનું સામ્રાજ્ય છવાતા લોકોને કાદવ કીચડ માંથી પસાર થવું પડે છે, રસ્તો નહીં બને તો કોર્પોરેશન મોરચો લઈ પહોંચીશું રાજકીય નેતાઓને વારંવાર રજૂઆત કરવા છતાં પણ રોડ રસ્તાની કોઈ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી નથી, વહેલી તકે પાકો રસ્તો બનાવવામાં આવે તેવી માગ છે.

# વિશ્વામિત્રી નદીમાંથી પસાર થતી વર્ષો જૂની પાણીની લાઈન સ્ટીલ બ્રિજ બનાવી ટ્રાન્સફર કરાશે

વડોદરામાં સયાજીબાગની પાછળ વિશ્વામિત્રી નદીમાંથી પસાર થતી પાણીની વર્ષો જૂની લાઈન લીકેજ થવાથી પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. હવે નદીમાં સ્ટીલ બ્રિજ બનાવી તેના પર લાઈન ટ્રાન્સફર કરવામાં આવનાર છે. ઉઘાડ નીકળશે એટલે ફાઉન્ડેશન બનાવીને આ કામગીરી તાત્કાલિક હાથ પર લેવામાં આવશે.

અગાઉ આ લાઈન લીકેજ થઈ હતી, અને રીપેરીંગ કરવામાં આવ્યું હતું. પરંતુ વર્ષો જૂની લાઈન હોવાથી લીકેજ થયા કરે છે. આ પૂર્વે લીકેજ થયું ત્યારે ફાયર બ્રિગેડ અને ઝૂ વિભાગની મદદ લઈને નદીના લાઈનવાળા વિસ્તારને બેરીકેડ કરવામાં આવ્યો હતો. ફાયર બ્રિગેડના તરવૈયાઓ રાખ્યા હતા, કારણ કે આ જગ્યાએ મગરો વધુ રહે છે. એ સમયે મગરોનો બ્રીડિંગ સમય હતો, એટલે કામ કરવું પણ અઘરું હતું .કામ અધૂરું છોડી દેવું પડ્યું હતું. આ લાઈન સયાજીબાગ ટાંકીથી નીકળે છે, અને સાધના નગર બુસ્ટરને કનેક્ટ કરે છે. વર્ષો પહેલા આ રીતે નદીમાંથી લાઈનો ક્રોસ કરવામાં આવી હતી. નદીમાં અન્ય કેટલાક લોકેશન પર પણ આવી રીતે લાઈનો પસાર થાય છે તે તમામને સ્ટીલ બ્રિજ ઉપર ટ્રાન્સફર કરી દેવામાં આવશે. જેથી કરીને લીકેજના કોઈ પ્રશ્નો સર્જાય તો તાત્કાલિક કામ હાથ ધરી શકાય.

# વરસાદની શરૂઆત થતાની સાથે જ વડોદરાના ગાજરાવાડીમાં રસ્તાનું ધોવાણ



વરસાદ શરૂ થવાની સાથે જ શહેરના ગાજરાવાડી ટાંકીથી ઈદગાહ મેદાનનો રોડ ફરી એકવાર બિસ્માર થઈ ગયો છે. ગત વર્ષે જ ખખડધજ હોવાથી આ રોડ નવો બનાવવામાં આવ્યો હતો. હાલમાં ગટર લાઈનનું કામ હોય વરસાદમાં રોડ પર ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. જેથી વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ઊઠયા છે. ખખડધજ રોડની હાલત એટલી બદતર છે કે, વાહન ચાલકોના કમરના મણકા પણ હલી જાય! એવો વાલોતાપ કરી વાહન ચાલકો અહી વહેલી તકે રોડ બનાવવામાં આવે એવી માંગ કરી રહ્યા છે. કારણ કે અહી ખાડા છે ? અને રોડ ક્યાં છે ? તેની ખબર પડતી નથી!

# દોઢ વર્ષની દીકરી બાદ હવે માતાની દફનવિધિઃ અંતિવિધિમાં પરિવાર હિબકે ચડ્યો



અમદાવાદમાં ક્રેશ થયેલા વિમાન દુર્ઘટનામાં વડોદરાના 30થી વધુ લોકોના મોત નીપજ્યાં હતાં. જેમાં વડોદરાના વાડી વિસ્તારના 26 વર્ષીય સાદીકાબાનુ અને તેમની દોઢ વર્ષની દીકરી ફાતિમાનો સમાવેશ થાય છે. સદીકાબાનુના DNA મેચ થઈ જતાં ગઈકાલે રાતે તેના મૃતદેહને વડોદરા લાવવામાં આવ્યો હતો. જ્યાં તેમનો પરિવાર હિબકે ચડ્યો હતો. સાદિકાબાનુના ઘરેથી તેમનો જનાજો નીકળ્યો હતો અને તેની વાડી ખાતે આવેલા મિસરીકુઈ કબ્રસ્તાનમાં દફનવિધિ કરવામાં આવી હતી. 3 દિવસ પહેલા સાદીકાબાનુની દીકરી ફાતિમાના DNA મેચ થઈ જતા તેની દફનવિધિ મિસરીકુઈ કબ્રસ્તાનમાં જ કરવામાં આવી હતી.

વડોદરા શહેરના વાડી ખત્રીપોળની 26 વર્ષીય પરિણીતા સાદીકાબાનું મોહમ્મદમિયા શેઠવાલા 16 મેના રોજ પોતાની દોઢ વર્ષની દીકરી ફાતિમાને લઈને લંડનથી વડોદરા દિયરના નિકાહમાં આવ્યા હતા. પતિને કંપનીમાંથી રજા ન મળતા તે પોતાના ભાઈના લગ્નમાં આવી શક્યો ન હતો. ભારે ઉત્સાહ સાથે નિકાહ મનાવ્યા બાદ સદીકાબાનુ તેની દોઢ વર્ષની દીકરી ફાતિમાં સાથે લંડન જવા માટે નીકળી હતી. તેને મૂકવા માટે તેના સાસુ-સસરા અને ભાઈ અમદાવાદ એરપોર્ટ ખાતે ગયા હતા. સાદિકાબાનુ અને તેની અઢી વર્ષની દીકરીને અમદાવાદ એરપોર્ટ મૂકીને સાસુ-સસરા અને ભાઈ વડોદરા પરત ફર્યા હતા. વડોદરા ઘરમાં પ્રવેશે ત્યાં જ તેઓને લંડન જતું પ્લેન ક્રેશ થયું હોવાના સમાચાર મળતા જ તેઓ તુરંત જ અમદાવાદ જવા રવાના થઈ ગયા હતા. તે સાથે વડોદરાની નાની મસ્જિદ પાસે રહેતા સદીકાબાનુના માતા-પિતા પણ અમદાવાદ જવા રવાના થયા હતા.

# વડોદરા પોલીસે ચરસ, બ્રાઉન સુગર, MD ડ્રગ્સ, ગાંજો સહિત 88 લાખનો ડ્રગ્સનો જથ્થો નાશ કર્યો



વડોદરા પોલીસ દ્વારા પકડવામાં આવેલા ડ્રગ્સના મોટા જથ્થાનો કોર્ટના આદેશથી દહેજની સરકાર હસ્તકની કંપનીમાં નાશ કરવામાં આવ્યો છે.

વડોદરા પોલીસ દ્વારા જુદી જુદી વખતે દરોડા પાડીને ચરસ, એમડી ડ્રગ, બ્રાઉન સુગર, ગાંજો અને નશીલા ઈન્જેક્શનોનો મોટો જથ્થો પકડવામાં આવ્યો હતો. જેમાંથી 20 ગુનાઓના 88 લાખથી વધુની કિંમતના મુદ્દામાલનો નાશ કરવા માટે કોર્ટે મંજૂરી આપતા દહેજ ખાતેની સરકારી કંપનીની ભઠ્ઠીમાં તેનો નાશ કરવામાં આવ્યો છે.

આ જથ્થામાં સૌથી વધુ 71 લાખનું 722 ગ્રામ એમડી ડ્રગ્સ છે. જ્યારે 8.39 લાખનું 83 ગ્રામ બ્રાઉન સુગર, 6 લાખની કિંમતનો 3kg ચરસ અને 2.61 લાખની કિંમતનો 40 કિલો ગાંજો, 1100 નંગ પેન્ટાઝોશીન ઈન્જેક્શન અને 300 નંગ અલ્પ્રાઝોલમ ટેબલેટનો સમાવેશ થાય છે.

# આપત્તિ સામે લડવા સજ્જ વડોદરા / શહેરમાં ‘ડિઝાસ્ટર પ્રીપેડનેસ’ વર્કશોપનું સફળ આયોજન



વડોદરા શહેરની આપત્તિ વ્યવસ્થાપન ક્ષમતા મજબૂત બનાવવા માટે વડોદરા મહાનગરપાલિકા, જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગના સંયુક્ત ઉપક્રમે ‘ડિઝાસ્ટર પ્રીપેડનેસ વડોદરા’ વર્કશોપનું આયોજન અકોટા સ્થિત સર સયાજીરાવ નગરગૃહ ખાતે કરવામાં આવ્યું.

આ વર્કશોપમાં એન.ડી. આર.એફ., એસ.ડી.આર.એફ., ફાયર વિભાગ, હેલ્થ, સિવિલ ડિફેન્સ સહિત વિવિધ સરકારી અધિકારીઓની સક્રિય હાજરી રહી. તમામ વિભાગોએ આપત્તિ સંભાળમાં પોતાનું યોગદાન કેવી રીતે વધુ અસરકારક બનાવી શકાય તેના વિષયમાં ચર્ચા કરી. વર્કશોપ દરમિયાન વિવિધ પ્રકારની આપત્તિઓ વખતે ઉપયોગી સાધનો, વાહનો અને ટૂલ કિટનું પ્રદર્શન પણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે વડોદરા જિલ્લા કલેક્ટર શ્રી અનિલ ધામેલિયાએ વિસ્તારથી સમજાવ્યું કે, “આપત્તિના સમયે અનેક વિભાગો સાથે સંકલન કરવાનું હોય છે. તેના માટે કેપેસિટી બિલ્ડિંગ, તાલીમ અને મોકડ્રિલ ખૂબ જ આવશ્યક છે.” તેમણે શહેરમાં વધી રહેલા વરસાદના પ્રમાણ અને સપ્ટેમ્બર-ઓક્ટોબર દરમ્યાન પૂર જેવી સ્થિતિ સર્જાય એ બાબત પર પણ ચિંતા વ્યક્ત કરી.

તેમના જણાવ્યા અનુસાર, છેલ્લા 20 વર્ષમાં વડોદરાની રેઈનફોલ પેટર્નમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. હવે ઓછી મુદતમાં વધુ વરસાદ થાય છે. આવી પરિસ્થિતિમાં દરેક વિભાગે એકબીજાની કામગીરીને સમજીને સહયોગ આપવો જરૂરી છે. “આપત્તિ પણ તક બની શકે છે જો આપણે તૈયારી સાથે સામનો કરીએ તો !!!,” વધુમાં તેમણે ઉમેર્યું. વડોદરા મ્યુનિસિપલ કમિશનર શ્રી અરુણ મહેશ બાબુએ કોર્પોરેશનની તૈયારીઓની વિગતો દર્શાવતું પ્રેઝન્ટેશન રજૂ કર્યું. તેમણે શહેર માટે તૈયાર કરવામાં આવેલ ફ્લડ રિસ્પોન્સ પ્લાન, પ્રિમોન્સૂન એક્ટિવિટીઝ, ડ્રેનેજ સુધારણા અને નવા ડિઝાઈન કરાયેલા બફર લેક વિશે માહિતી આપી. “શહેરમાં 16 લાખ લીટર પાણી ધારણ ક્ષમતા ધરાવતા બફર લેકના નિર્માણથી પૂર નિવારણ શક્ય બનશે,” તેમ જણાવતાં તેમણે ઉમેર્યું કે મલેરિયા જેવી બીમારીઓ અટકાવવા ડ્રોન ટેક્નોલોજીનો પણ ઉપયોગ થશે. અત્યાર સુધીમાં શહેરમાં 71 પંપિંગ સ્ટેશનો કાર્યરત છે, 30 જેટલા રેઈન ગેજીઝ એક્ટિવ કરવામાં આવ્યા છે અને પ્લાન-B તરીકે આર્ટિફિશિયલ કૃત્રિમ તળાવ પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. રેઈન વોટર હાર્વેસ્ટિંગ જેવી વ્યવસ્થાઓ પણ અસરકારક રીતે અમલમાં મૂકાઈ રહી છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત વડોદરા પોલીસ કમિશનર શ્રી નરસિંહ કોમરે ભારપૂર્વક જણાવ્યું કે, “અપત્તિના સમયે પોલીસ તંત્ર સૌથી પહેલા સ્થળ પર પહોંચે છે અને ત્યારબાદ અન્ય વિભાગો જોડાય છે. આવા વર્કશોપથી વિભાગો વચ્ચે સંકલન વધુ મજબૂત બને છે.” તેમણે ગુજરાત રાજ્યની ડિઝાસ્ટર રેસ્પોન્સ ક્ષમતા પર વિશ્વાસ વ્યક્ત કરતા ઉમેર્યું કે, “આપત્તિ સામે લડવા 365 દિવસ તૈયારી રહેવી જોઈએ, કેમ કે આપત્તિઓ આગાહી કરીને આવતી નથી.” આ વર્કશોપમાં ડેપ્યુટી કમિશનર શ્રી ગંગાસિંહ, જોઈન્ટ સી.પી. શ્રીમતી લીના પાટીલ, એન.ડી.આર.એફ.ના કમાન્ડન્ટ, તેમજ ફાયર, હેલ્થ અને સિવિલ ડિફેન્સના અધિકારીઓ અને કર્મચારીઓની પણ નોંધપાત્ર હાજરી રહી. આવાં પ્રકારના વર્કશોપ વડોદરા શહેરને આપત્તિ વ્યવસ્થાપનમાં વધુ સજ્જ બનાવે છે.



# યોગે આખી દુનિયાને એક તાંતણે બાંધીઃ પીએમ મોદી

વિશાખાપટ્ટનમ :આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમમાં શનિવારે ભવ્ય રાષ્ટ્રીય યોગ સમારંભમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ત્રણ લાખ લોકોએ યોગ કર્યા હતા. આંધ્ર પ્રદેશમાં યોગ દિવસે બે ગીનીસ અને ૨૧ વર્લ્ડ રેકોર્ડ બન્યા હતા. આ સાથે દુનિયાના સૌથી ઊંચા યુદ્ધ ક્ષેત્ર સીયાચીનમાં સેંકડો જવાનોથી સમુદ્ર સુધી ભારત સહિત સમગ્ર વિશ્વ ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિન નિમિત્તે યોગમય બન્યું હતું. વિશ્વ યોગ દિનની ઊજવણી માટે ન્યૂયોર્કમાં વિશ્વવિખ્યાત ટાઈમ સ્ક્વેર ખાતે ૧૦૦૦૦ લોકોએ યોગ કર્યા હતા. તેમજ રશિયામાં મોસ્કો મેટ્રોથી લઈને રિયાધમાં પ્રિન્સ ફૈસલ બિન ફહાદ સ્ટેડિયમ સુધી કરોડો લોકો યોગ દિનની ઊજવણીમાં જોડાયા હતા.

વડાપ્રધાન મોદીએ યોગના વધતા વૈશ્વિક પ્રભાવ પર પ્રકાશ પાડતા કહ્યું કે, આજે વૈજ્ઞાનિકો અવકાશમાં યોગ કરે છે, દિવ્યાંગો યોગશાસ્ત્રનો અભ્યાસ કરે છે અને ગામે ગામમાં યુવાનો યોગ ઓલિમ્પિયાડમાં ભાગ લઈ રહ્યા છે. દુર્ભાગ્યથી આજે આખી દુનિયા કોઈને કોઈ તણાવમાંથી પસાર થઈ રહી છે. અનેક ક્ષેત્રોમાં અશાંતિ અને અસ્થિરતા વધી રહી છે. એવામાં યોગથી આપણને શાંતિની દિશા મળે છે. યોગ એક એવું પોઝ બટન છે, જેની માનવતાએ સંતુલનનો શ્વાસ લેવા અને ફરીથી નિયંત્રણ મેળવવાની જરૂર છે. આજે ૧૧ વર્ષ પછી યોગ કરોડો લોકોની જીવનશૈલીનો ભાગ બની ગયું છે.

# ગળતેશ્વરમાં રાતે થતાં પથ્થર ખનન પર દરોડા, રૂપિયા 50 લાખનું મશીન કબજે

ગળતેશ્વર તાલુકામાં દિવસ રાત મહિસાગર નદી માંથી ખોદકામ કરવામાં આવી રહ્યું છે. જેને લઈ ખાણ ખનીજ વિભાગ દ્વારા હવે દિવસ અને રાત્રી દરમિયાન નદીના પટમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. ત્યારે શુક્રવારે મોડી રાતે ગળતેશ્વર મહાદેવ મંદિર પાછળ ખોદકામ ચાલી રહ્યું હતું, તે દરમિયાન ખાણ ખનીજ વિભાગ દ્વારા દરોડો કરી 50 લાખનું હિટાચી મશીન જપ્ત કરવામાં આવ્યું હતું. આ સાથે જમીનની માપણી કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ખેડા જિલ્લામાં ખનન માફિયાઓ બેફામ બન્યા છે. ત્યારે જિલ્લા ખાણ ખનીજ વિભાગ દ્વારા વિવિધ સ્થળો પર દરોડા કરી કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં ગળતેશ્વર માં ખાણ ખનીજ વિભાગ દ્વારા શુક્રવારે મોડી રાત્રે દરોડો કરવામાં આવ્યો હતો. જેમાં તાહિર અને કાસીમ બકતર નામના લોકો દ્વારા ગળતેશ્વર મહાદેવ મંદિર પાછળ થી પસાર થતી મહિસાગર નદીમાં બ્લેક ટ્રેપનું ખોદકામ કરવામાં આવી રહ્યું હતું. ત્યારે ખાણ ખનીજ વિભાગ દ્વારા દરોડો કરીને 50 લાખનું હિટાચી મશીન કબજે કરવામાં આવ્યું હતું.

આ સાથે નદીના પટમાં ગેરકાયદેસર ખોદકામ કરવામાં આવેલ જમીનની માપણી પણ કરવામાં આવી હતી. આ દરોડામાં ખાણ ખનીજ વિભાગ દ્વારા 50 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ત્યારે ખાણ ખનીજ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે જમીનની માપણી કરી અને દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

# નડિયાદ શહેરમાં મનપાએ મોટા ઉપાડે કાંસ ફરતે લગાવેલી ફેન્સિંગ એક મહિનામાં જ તૂટી જતા રોષ



નડિયાદ શહેરમાં મનપામાં દ્વારા કાંસ ઉપર એક મહિના પહેલા મારવામાં આવેલી ફેન્સિંગ તૂટેલી હાલતમાં જોવા મળી રહી છે. જેમાં મનપા દ્વારા થોડા મહિના અગાઉ જ આ ફેન્સીંગ મારી હતી. પરંતુ સાચવણીના અભાવે ફેન્સીંગ તૂટી જતા માર્ગ પરથી પસાર થતા વાહન ચાલકોમાં અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે.

નડિયાદ મનપા દ્વારા થોડા મહિના અગાઉ જ પ્રિમોન્સૂનની કામગીરીને લઈ નડિયાદ શહેરની કાંસોની સાફ-સફાઈ કરાઈ હતી. જે બાદ મનપા દ્વારા કાંસની ફરતે સુરક્ષાને ધ્યાનમાં રાખી ફેન્સીંગ કરવામાં આવી હતી. પરંતુ મનપા પાસે કાંસ ઉપર મારવામાં આવેલ ફેન્સીંગ તૂટેલી હાલતમાં જોવા મળી રહી છે. જેમાં આ મહાનગર પાલિકાની પાછળના વિસ્તારમાં જ મારી છે. જેમાં આ માર્ગ પર થી મહાનગર પાલિકાના સતાધીશો દિવસ દરમિયાન અનેક વાર અવર જવર કરતા હોય છે. તેમ છતાં પણ તૂટેલી ફેન્સીંગને સરખી કરવાની કામગીરી કરવામાં આવી રહી નથી.

# યોગાચાર્ય હરીશભાઈ વૈધ દ્વારા અટલાદરા પ્રજાપતિ બ્રહ્માકુમારી ખાતે આંતરરાષ્ટીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરી



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે અટલાદરા પ્રજાપતિ બ્રહ્માકુમારી ખાતે યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામા આવી હ્તી. આ પ્રસંગે યોગાચાર્ય હરીશભાઈ વૈદ્યના માર્ગદર્શન હેઠળ વિવિધ પ્રકારની યોગ કસરતો કરાવી અને દરેક કસરતના ફાયદા અને તે કયા રોગને મટાડવામાં કેવી રીતે મદદ કરે છે તે વિગતવાર સમજાવ્યું. હતુ

સેવા કેન્દ્રના ડિરેક્ટર બીકે ડૉ. અરુણાબેન પોતાની શુભકામનાઓ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, યોગએ આપણા શરીર અને મન બંનેને સ્વસ્થ અને મજબૂત બનાવવા માટેનું શ્રેષ્ઠ જ્ઞાન છે, તેને અપનાવીને આપણે એક મજબૂત સમાજ અને સુવર્ણ સ્વથ ભારત બનાવવાના શુભ સંકલ્પ સાથે આગળ વધવું જોઈએ.

યોગ દિવસના શુભ પ્રસંગે, ગુજરાત યોગ બોર્ડ દ્વારા પ્રમાણિત રીતુબેન, મિતલબેન , જ્ઞાન યજ્ઞ શાળાના આચાર્યશ્રી રાકેશભાઈ પંડ્યા અને ઉદ્યોગપતિ મિલનભાઈ કોલ્હે, હરીશભાઈ તથા ૨૦૦ ભાઈઓ બહેનોએ અને શાળાની ૪૦ વિદ્યાર્થિનીઓએ વિવિધ યોગ કસરતો પ્રાણાયામ કર્યા અને મૂલ્યવાન માહિતીનો લાભ લીધો.

પ્રસંગે મોટી સંખ્યામાં યોગ સાધકો તેમજ સામાજિક સંસ્થાના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હ્તા.

# જંબુસરમાં નગરપાલિકાના સફાઈકર્મીઓની આઉટસોર્સિંગથી ભરતી કરવા સામે વિરોધ

અખિલ ગુજરાત સફાઈ કામદાર સંઘ જંબુસર તરફથી નગરમાં સફાઈની કામગીરી આઉટસોર્સીંગથી નહીં કરવામાં આવે તે બાબતે મંત્રી બાબુભાઈ સોલંકી સહિતના આગેવાનોની હાજરીમાં મુખ્ય અધિકારીને રજૂઆત કરવામાં આવી છે.

રાજય સરકારના તારીખ 5 મી મે 2018ના પરિપત્ર મુજબ આઉટસોર્સીંગથી નગરપાલિકાઓને વિવિધ સેવાઓ લેવા માટે સૂચના આપવામાં આવી છે. સરકારના પરિપત્ર સામે કર્મચારીઓમાં રોષ ફેલાતાં હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. જેના અનુસંધાનમાં હાઈકોર્ટે આ શરત ઉપર મૌખિક રીતે સ્ટે આપી દીધો છે.

કમિશનર મ્યુનિસિપાલટી એડમિનિસ્ટ્રીએ પરિપત્ર કરીએ તમામ પ્રાદેશિક કમિશનર અને નગરપાલિકાઓના ચીફ ઓફિસરને સફાઈ સેવા આઉટસોર્સીંગથી નહીં કરવા જણાવ્યું હતું. જંબુસર નગરપાલિકાએ સફાઈ સેવાઓ આઉટસોર્સિંગથી લેવા બાબતે ઠરાવ કરવામાં આવેલો હોય જેથી હાઈકોર્ટના અવમાનના અને કોર્ટ ઓફ કન્ટેમની પરિસ્થિતિ ઉભી થશે જેથી કામદારોના વિશાળ હીતને ધ્યાનમાં રાખી સરદાર ઠરાવ રીવ્યુમાં લઈ રદ કરવા માટે મુખ્ય અધિકારીને રજૂઆત કરવામાં આવી છે.

# ગોધરામાં ત્રણ ઈંચ વરસાદમાં પાણી ભરાતાં પાલિકા સફાઈ કરવા નીકળી



ગોધરામાં ચોમાસામાં નિચાણવાળ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતા લોકોને મુશ્કેલી પડતી હોય છે. ત્યારે ગુરૂવારે ગોધરમાં માત્ર સવા ત્રણ ઈચ વરસાદમાં વરસાદી પાણી ભરાયા બાદ બીજા દિવસે પાલીકા દ્વારા આગ લાગે ત્યારે કુવો ખોદવાની જેમ ગટર લાઈનોની સાફ સફાઈ કરાઈ હતી.

ગોધરાના નીચાણવાળા વિસ્તારોની સોસાયટીઓ અને જાહેર માર્ગો પર ચોમાસામાં કેડ સમા પાણી ભરાઈ જતા હોય છે. જેમા ખાસ કરીને ભુરાવાવ, ઝુલેલાલ સોસાયટી, ખાડી ફળિયા ચિત્રા ખાડી, એફસીઆઈ ગોડાઉનની બહારનો જાહેર માર્ગ, અંકલેશ્વર મહાદેવ રોડ, બામરોલી રોડ, ગીતા નગર સોસાયટી, સિંગલ ફળિયા પાસે આવેલા રેલ્વે ગરનાળુ, શહેરા ભાગોળ, જિલ્લા પંચાયત બહારનો મુખ્ય માર્ગ, ગોંદરા વિસ્તારમાં આવેલ સોસાયટીઓ આ તમામ વિસ્તારોમાં સામાન્ય વરસાદમાં પાણી ભરાઈ જતા હોય છે. પ્રીમોન્સૂન કામગીરી શરૂ કરી શહેરીજનોને રાહત આપવાની વિપક્ષોની માગ સામે પાલિકાએ વર્ક ઓર્ડર આપ્યાનું રટણ કરાયુ હતુ. પરંતુ પ્રિ મોન્સુનની કામગીરી માત્ર કાગળ પર થઈ હોવાનું ગુરુવારે શહેરમાં વરસેલા માત્ર સવા ત્રણ ઈચ વરસાદમાં જોવા મળ્યુ હતુ.

# કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર પાટીલની ઉપસ્થિતિમાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા 11 માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરી



વડોદરા મહાનગરપાલિકા દ્વારા આજરોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સમા ઈન્ડોર સ્ટેડિયમ ખાતે યોગ દિવસની ભવ્ય ઉજવણી કરી આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર પાટીલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા મોટી સંખ્યામાં યોગ સાધકો તેમજ સામાજિક સંસ્થાના અગ્રણીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સમા ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગગુરુઓના માર્ગદર્શનથી ઉપસ્થિત મહાનુભાવોને યોગા કરાવવામાં આવ્યો હતો. જેમાં પ્રાણાયામ, અનુલોમ વિલોમ,તાડાસન વગેરે જેવા યોગ ની મુદ્રાઓ કરાવવામાં આવી હતી. નોંધણી આ બાબત છે કે વડોદરા મહાનગરપાલિકા દ્વારા વડોદરાના 36 જગ્યા ઉપર વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી આર પાટીલ, રાવપુરા વિધાનસભાના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક બાળકૃષ્ણ શુક્લા,સયાજીગંજ ધારાસભ્ય કેયુર રોકડિયા, વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુ,વડોદરાના પ્રથમ નાગરિક મેયર પિંકી સોની, સ્થાયી સમિતિ અધ્યક્ષ ડોક્ટર શીતલ મિસ્ત્રી, બીજેપી વડોદરા મહાનગર અધ્યક્ષ ડોક્ટર જયપ્રકાશ સોની તથા ચૂંટાયેલા પ્રતિનિધિઓ વિશેષ ઉપસ્થિત રહી યોગ કરી વિશ્વ યોગ દિવસની ઉજવણી કરી હતી.

# ગોધરા પ્રાંત અધિકારીની કચેરીમાં આવેલી ઈધરાના લાંચિયા નાયબ મામલતદારની જામીન અરજી નામંજૂર

ગોધરા પ્રાંત અધિકારીની કચેરીમાં આવેલી ઈધરાના નાયબ મામલતદાર દ્વારા રૂા.2.50 લાખની લાંચની માંગણી કરી હતી. જે રકઝક બાદ રૂા.1 લાખ આપવાનો વાયદો થયો હતો. અરજદાર લાંચ આપવા માંગતો ન હોવાથી એલસીબીમાં કરેલ રજુઆતના આધારે મહીસાગર એસીબી દ્વારા લાંચના છટકાનું આયોજન કર્યું હતું. જેમાં મોહમંદનઈમ રાણાવડીયા વતી 1 લાખની લાંચના નાણાં આઉટસોર્સ સેવક ગણપતભાઈ કાન્તીભાઈ પટેલ ગોધરાની નાલંદા સ્કૂલના કમાઉંડમાં સ્વીકારતા ઝડપાઈ ગયા હતા.

તપાસ દાહોદ એસીબી ને સોંપી હતી, પોલીસ દ્વારા બંનેના રિમાન્ડ બાદ જ્યુ. કસ્ટડીમાં મોકલ્યા હતા. જેમાં આરોપી દ્વારા ચાર્જશીટ બાદની જામીન અરજી મુખ્ય ન્યાયાધીશ સી કે ચૌહાણની કોર્ટમાં દાખલ કરી હતી. જે સુનાવણી તા 21 જૂને હાથ ધરી હતી. જેમા જિલ્લા સરકારી વકીલ રાકેશ એસ. ઠાકોરની વિગતવાર દલીલો અને રજુ કરેલ પુરવાને ધ્યાને લઈ આરોપીની ચાર્જશીટ બાદની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવામાં આવી છે.










# વડોદરા જિલ્લાની ગ્રામ પંચાયત ચૂંટણીમાં ૭૩ ટકા જેટલું મતદાન

## મતદાન પૂર્ણ થવાના છ વાગ્યાના સમય બાદ પણ અનેક સ્થળોએ મતદારોની લાઇનો : દશરથમાં મતદારોના નામો ગાયબ મુદ્દે હોબાળો

વડોદરા, તા.22 વડોદરા જિલ્લાના આઠ તાલુકાઓમાં આજે યોજાયેલી ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં સાંજે પાંચ વાગ્યા સુધી ૭૭ ટકા મતદાન નોંધાયું હતું. સાંજે છ વાગ્યા બાદ કેટલાક સ્થળે મતદારોની લાઇનો હોવાથી મતદાન ચાલું રહ્યું હોવાનું જાણવા મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે જિલ્લામાં વડોદરા તાલુકો, પાદરા, ડભોઇ, વાઘોડિયા, કરજણ, શિનોર, સાવલી અને ડેસર તાલુકામાં કુલ ૨૦૮ ગ્રામ પંચાયતોની આજે સવારના સાત વાગ્યાથી ચૂંટણી યોજાઈ હતી. બેલેટ પેપર દ્વારા યોજાતી ચૂંટણીમાં ઉત્સાહભેર ગ્રામજનો મતદાન માટે ઉમટી પડયા હતાં. સવારના મતદાન માટે બુથો પર લાઈનો જોવા મળી હતી જ્યારે કેટલાંક સ્થળોએ પોલીસના જવાનો વૃધ્ધ અથવા અશક્ત મતદારોને મદદ કરતા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતાં.

જિલ્લાના આઠ તાલુકામાં ૫૪૦ મતદાન મથકો પર યોજાયેલી ચૂંટણીમાં સાંજે પાંચ વાગ્યા સુધી ૭૦ ટકા જેટલું મતદાન નોંધાયું હતું. સૌથી વધુ શિનોર તાલુકામાં તેમજ સૌથી ઓછું વડોદરા તાલુકામાં મતદાન નોધાયું હતું. દશરથ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં કેટલાંક મતદારોના નામો મતદારયાદીમાં નહી હોવા મુદ્દે સામાન્ય હોબાળો થયો હતો જો કે બાદમાં જાણવા મળ્યું હતું કે તેમના નામો અન્ય બુથમાં જોડાયેલા છે.

ચૂંટણી દરમિયાન પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. અંકોડીયામાં ઉમેદવાર અને ચૂંટણી એજન્ટ વચ્ચે એક મતદારને મદદ કરવા મુદ્દે બોલાચાલી થઈ હતી. શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થતાં તંત્રએ પણ રાહત અનુભવી હતી.

# આપણા બલોચ મકરાણી સમાજનું ગૌરવ



આપણા બલોચ સમાજની દીકરી દ્વારકા ના રહેવાસી શહેનાઝ બેન બલોચ જે સ્કૂલમાં ટીચર છે તેઓને અમારી ગુજરાત હજ કમિટી દ્વારા મક્કા શરીફ હજ 2025 દરમિયાન એસ એચ આઈ ( હજ ઈન્સ્પેક્ટર ) મા પસંદગી કરી તેઓને 430 હાજીયો ની જવાબદારી સોંપી મક્કા શરીફ મોકલેલ, તેઓએ આ હજના 43 દિવસ દરમિયાન ખુબ સરસ કામગીરી કરી તમામ સાથી હજયાત્રીઓની સાથે હજ કરી પરત આજરોજ અમદાવાદ એરપોર્ટ ખાતે આવેલા જ્યાં તેમની મારી સાથે મુલાકાત થઈ અને મેં તેઓને આશ્વાસન આપ્યું કે અમદાવાદ હજ હાઉસ ખાતે ખાસ આપ જેવા હજઈન્સ્પેક્ટરોને સન્માનિત કરીશું.

# સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્ષ કન્સલટન્ટ (CGCTC) સંસ્થાના ૧૫ માં સ્થાપના દિવસની ચેમ્બર રૂમ કુબેરભવન ખાતે ઉજવણી



તા. ૧૮/૦૬/૨૦૨૫ ને બુધવારના રોજ નામાંકિત સેન્ટ્રલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્ષ કન્સલટન્ટ (CGCTC) કે જે મધ્ય ગુજરાત એટલે કે વડોદરા, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, ભરૂચ, નર્મદા, છોટાઉદેપુર તેમજ મહીસાગર જીલ્લાના ટેક્ષ વ્યવસાયીઓ તેમજ ટેક્ષને લગતી કામગીરી કરતા ટેક્ષ પ્રેક્ટીસનર્સ, ADVOCATES સી.એ., કોસ્ટ એકાઉન્ટન્ટનું સભ્યપદ ધરાવતું એસોસીએસન છે કે જેની ઓફીસ પ્રથમ માળ, કુબેરભવન, વડોદરા ખાતે આવેલ છે. સંસ્થાના ૧૫ માં સ્થાપના દિવસની ઉજવણી ધામધુમથી કરવામાં આવેલ હતી. આ પ્રસંગે સંસ્થાના ફાઉન્ડર સભ્યો તેમજ વર્ષ ૨૦૨૫-૨૬ ના હોદ્દેદારોએ માં સરસ્વતીનું પૂજન કરેલ હતું. તેમજ હાજર રહેલ તમામ સભ્યોને યાદગીરી રૂપે પેન વિતરણ કરેલ હતી.

આ પ્રસંગે સંસ્થાના પ્રેસિડેન્ટ ઈમેરીટસ શ્રી ભાસ્કરભાઈ પટેલ, સંસ્થાના પ્રમુખશ્રી દિપકભાઈ અમીન, માનદ મંત્રી શ્રી ધર્મેશભાઈ ગાંધી, ઉપપ્રમુખ શ્રી પ્રગ્નેશભાઈ ભગત તેમજ સી.એ. ફૈઝાન ડભોઈવાલા, ટ્રેઝરર શ્રી મનીષભાઈ શાહ, તેમજ ઓફીસ બેરર, કમિટીના સભ્યો, સીનીયર સભ્યો, પૂર્વ પ્રમુખશ્રીઓ, તેમજ સંસ્થાના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહીને સંસ્થાના ૧૫ માં સ્થાપના દિવસની ઉજવણી કરેલ હતી. સંસ્થા દ્વારા નિયમિત પણે કરવેરાને લગતા અભ્યાસ વર્ગ, National Tax Conference તેમજ વેપારીના ટેક્ષને લગતા પ્રશ્નોની રજૂઆત પણ સંબધિત આવકવેરા તેમજ GST વિભાગને કરવામાં આવે છે. હાલમાં સંસ્થા દ્વારા ટેક્ષ OPD નામની સ્ટડી સર્કલ મીટીંગ સભ્યો તેમજ વેપારીઓના ટેક્ષને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે નિયમિત રીતે યોજવામાં આવે છે અને ટેક્ષના નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. જેથી ટેક્ષને લગતી કામગીરીમાં સરળતા રહે.

# કોયલી ફળિયા ફતેપુરા ખાતે આચાર્ય દુલ્હેરામજી મહારાજ ના દ્વિશતાબ્દી નિર્વાણ મહોત્સવ

આંતરરાષ્ટ્રીય રામ સ્નેહી સંમ્પ્રદાય ના વડૉદરા ગુરુધ્વારા રામદ્વારા કોયલી ફળિયા ફતેપુરા ખાતે આચાર્ય દુલ્હેરામજી મહારાજ ના દ્વિશતાબ્દી નિર્વાણ મહોત્સવ તથા રામદ્વારા મંદિર સ્થાપનાના 231 વર્ષ થયા હૉઈમહારાજશ્રી ના અગ્નિ સંસ્કાર મા ન બળેલા કામળા ને દર્શન માટે ખુલ્લૉ મુકાતા સૈંકડૉ રમભક્તૉ સવારથીજ ઉમટી પડ્યા હતા. રાજસ્થાન મધ્ય પ્રદેશ અને અમદાવાદ સુરત થી પધારેલ આશરે 31 સંતૉ નુ સન્માન રામદ્વારા ના છોટે આચાર્ય બાલ બ્રહ્મચારી જ્ઞાની રામજી તથા શ્રી રામપ્રસાદજી મહારાજ દ્વારા કરવામાં આવ્યુ હતુ. સંતૉ આશિર્વાદ સત્સંગ પ્રવચન બાદ આરતી તથા મહાપ્રસાદ નું આયોજન કરાયુ હતુ. ગઈ કાલે આ બહારથી પધારેલ તમામ સંતૉ નો પાદરા રામદ્વારા ખાતે ભવ્ય સન્માન સમારંભ યૉજાયૉ હતૉ. આ એક જ મંદિર એવુ છે જ્યાં ભગવાન શ્રીરામ ની મુર્તિ નથી પણ શ્રીરામચરણજી મહારાજ રચિત ૩૬૦૦૦ શ્લૉકૉ ની ગુરુવાણી ગ્રંથ ની નિર્ગુણ રામ સ્વરુપે પુજા થાય છે.

**(રામ દ્વારા સ્થાપનાથી સંકળાયેલ પરિખ પરિવાર વતી નિમિત્ત માત્ર કીર્તિભાઈ પરિખ)**

**आमंत्रित संत महापुरुष जन**
(जिनकी स्वीकृति प्राप्त हुई है)

1. बड़े साध महंत श्री नरपतराम जी महाराज ( उदयपुर )
2. संत श्री समतारामजी महाराज ( सूरत)
3. संत श्री रामनिवास जी महाराज ( टोंक )
4. संत श्री कोमलराम जी महाराज ( टोंक)
5. संत श्री अमृतराम जी महाराज ( पुष्कर)
6. संत श्री निर्मलराम जी महाराज ( लुलास)
7. संत श्री रामशरण जी महाराज (जोधपुर)
8. संत श्री जयरामदास जी महाराज ( गरोठ)
9. संत श्री केवलराम जी महाराज ( ब्यावर)
10. संत श्री चेतनराम जी महाराज ( उदयपुर)
11. संत श्री संतराम जी महाराज ( उदयपुर )
12. संत श्री रामविश्वास जी महाराज ( लुलास)
13. संत श्री गोपालराम जी महाराज ( ब्यावर)
14. संत श्री अंकुशराम जी महाराज ( सीहोर)
15. संत श्री कीमत राम जी महाराज (अहमदाबाद)
16. संत श्री सेवाराम जी महाराज ( घोड़ावत)
17. संत श्री हृदयराम जी महाराज ( इंदौर)
18. संत श्री तिलक राम जी महाराज (जोधपुर)
19. बालसंत संयम राम जी (अहमदाबाद)
20. बालसंत रविराम जी (ब्यावर)
21. बालसंत सुनील राम जी (ब्यावर)

# વિશ્વામિત્રી બચાવો સમિતિ દ્વારા વડોદરા એરપોર્ટ આસપાસની ઈમારતોનું ઊંચાઈ બાબતે નિરીક્ષણ કરી કાર્યવાહીની માગ

અમદાવાદમાં સર્જાયેલ પ્લેન ક્રેશ દુર્ઘટનાએ કદી ભુલાય નહી તેવી પીડા આપી છે. ત્યારે વડોદરામાં તકેદારીના ભાગરૂપે આવી દુર્ઘટના રોકવા વિશ્વામિત્રી બચાવો સમિતિ દ્વારા એરપોર્ટ આસપાસની ઈમારતોનું નિરીક્ષણ કરી એરપોર્ટ એનઓસીથી વધુ ઊંચાઈની ઈમારતો ધ્યાને આવે તો બાંધકામ પરવાનગી આપનાર તથા બિલ્ડર-ડેવલપર સામે ફોજદારી કાર્યવાહીની રજૂઆત કરવામાં આવી છે.

વિશ્વામિત્રી બચાવો સમિતિએ વડોદરા મ્યુનિસિપલ કમિશનર, મુખ્યમંત્રી તથા અધિક મુખ્ય સચિવ શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગને લેખિત રજૂઆત કરી છે કે, વડોદરા કોર્પોરેશન અને વુડાના બાંધકામ પરવાનગી આપનાર અધિકારીઓને એરપોર્ટ ઓથોરીટી દ્વારા વડોદરા એરપોર્ટના નિયત વિસ્તારોમાં મહત્તમ ઉંચાઈ દર્શાવતા જાહેર કરેલા કલર કોડેડ ઝોનીંગ મેપ અને નોકાસ (નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ એપ્લિકેશન સિસ્ટમ) અંગેની કોઈ જાણકારી નથી. કોઈ ખોટી એરપોર્ટ એન.ઓ.સી. લાવ્યું હોય તો પણ આ સિસ્ટમ થકી ઓફિસમાં બેઠા ખબર પડી જાય તેમ છે. સમા ખાતે ડ્રાઈવર ફળિયાના મકાનો તોડી બનાવેલા બગીચામાં ઉભો કરેલો હાઈમાસ્ટ ફ્લેગ માટેનો પોલ પણ એરપોર્ટ ઓથોરીટીની નોકાસમાં દેખાતા મહત્તમ ઉંચાઈ કરતા વધારે છે. કોર્પોરેશન અને વુડાનું બાંધકામ પરવાનગી વિભાગ બિલ્ડરો સાથે મિલીભગત કરી એરપોર્ટ ઓથોરીટીની નિયત એન.ઓ.સી. વિના વધુ પડતી ઉંચાઈની બાંધકામ પરવાનગી આપે છે. જેમાં એરપોર્ટ એન.ઓ.સી. અંગેની તમામ જવાબદારીઓ અરજદારની રહેશે તેવું જણાવી શરતી રજાચિટ્ઠી આપે છે જેનો અર્થ બાંધકામ પરવાનગી આપનારની કોઈ જ જવાબદારી નથી, માત્ર અરજી કરનારની જ છે. ખરેખર જવાબદાર અધિકારીએ બાંધકામ પરાવનગી માંગવામાં આવે તે અરજીની સાથે એરપોર્ટ નું એન.ઓ.સી. ફરજીયાત રજુ કરેલું હોવું જ જોઈએ, અને એરપોર્ટની એન.ઓ.સી સાચી હોવા અંગે એરપોર્ટ ઓથોરીટી પાસેથી ખરાઈ પણ કરાવવી જોઈએ.

# હરી સેવા એજ્યુકેશન કેમ્પસમાં 11માં આંતરરાષ્ટ્રીય યોગા ડે ની ઉજવણી અને ઇનામ વિતરણ કાર્યક્રમ





શહેરની મધ્યમાં આવેલી હરિ સેવા એજ્યુકેશન કેમ્પસમાં આજરોજ આંતરરાષ્ટ્રીય યોગા ડે અને ઈનામ વિતરણ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તે કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વિનીત મેનન (CEO of Farmson pharmaceutical limited ) અને બીજા અનેક મહાઅનુભવો સાયરા મેનન, ગુરુમુખ અડવાણી, રૂપચંદ વાસવાની જેઠાનંદ દાસવાની, ટ્રસ્ટીઓ, આચાર્યશ્રી, સિંધી સમાજના અગ્રણી સન્મુખ જ્ઞાન ચંદાની અને શાળાના શિક્ષકો વાલીઓ વગેરે હાજરી આપી હતી. આંતરરાષ્ટ્રીય યોગા ડે ઉજવણી કરવામાં આવી અને યોગા નું મહત્વ પણ વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું અને ધોરણ 10 અને 12 ના વિદ્યાર્થીઓને દાદી તુલસી નોટાણી એવોર્ડ , સુલોચના નેહેલાની એવોર્ડ અને ક્રેસ પ્રાઈસ આપીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# કમાટીબાગમાં જોય ટ્રેન ફરી શરૂ કરવા માટે પોલીસ તંત્રની મંજૂરી માંગી

વડોદરા કોર્પોરેશનના કમાટીબાગમાં જોય ટ્રેન હેઠળ ગયા મે મહિના દરમિયાન જંબુસરની ચાર વર્ષની એક બાળકી અડફેટે આવી જતા તેનું મરણ થયું હતું, ત્યારથી જોય ટ્રેન બંધ કરી દેવામાં આવી છે. ફરી જોય ટ્રેન ચાલુ કરવા માટે શહેર પોલીસ પાસે મંજૂરી માગવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

બાળકીના મરણનો બનાવ બન્યા બાદ પોલીસ તંત્ર દ્વારા જ જોય ટ્રેન બંધ કરવાનો આદેશ આપ્યો હતો. હાલ જોય ટ્રેનના ડબ્બા અને એન્જિનની મેન્ટેનન્સની રૂટીન કામગીરી ચાલુ છે. મરણની ઘટના બન્યા બાદ જે સ્થળે અકસ્માત થયો હતો ત્યાં ટ્રેકની બંને બાજુ સેફટી ગ્રીલ ઊભી કરવામાં આવી છે, કારણ કે અહીં રોડ અને ટ્રેક સાવ અડીને જ હોવાથી અકસ્માત થવા ભય રહે છે. જોય ટ્રેનમાં એન્જિન ઉપરાંત ચાર ડબાજોડાયેલા રહે છે. જેમાં 144 એડલ્ટ મુસાફરો બેસી શકે તેવી ક્ષમતા છે. આ ટ્રેન કલાકના આઠ કિ.મીની સ્પીડે ગાર્ડનમાં દોડે છે. સામાન્ય દિવસોમાં તે સાત આઠ ચક્કર લગાવે છે, રવિવારે 10 થી વધુ રાઉન્ડ કાપે છે. એક રાઉન્ડ લેતા આશરે 20 એક મિનિટનો ટાઈમ થાય છે. છેલ્લા સાત વર્ષમાં આ ટ્રેન ચાર વખત બંધ કરવામાં આવી છે. જેમાં બે વખત અકસ્માત લીધે, એક વખત કોરોનાના કારણે અને એક વખત હરણી બોટ કાંડ થયા બાદ બંધ કરાઈ હતી.

# પ્રધાનમંત્રી આવાસ યોજનાની વધુ એક વાર મુદ્દત લંબાવી : તા.4 જુલાઈ સુધી ફોર્મ ભરી શકશે

વડોદરા શહેરના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં ભાયલી અને સેવાસી વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના બંધાયેલા મકાનો ખરીદવામાં આર્થિક રીતે પછાત લોકોએ ઓછી ઉત્સુકતા દાખવતા તંત્રને વધુ એક વાર જાહેરાત કરવાની ફરજ પડી હતી.

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ભાઈલી અને સેવાસી ખાતે તૈયાર થનારા ઈ.ડબલ્યુ.એસ-2 ટાઈપના મકાનો ફાળવવા અંગે આર્થિક રીતે પછાત હોય તેવા પરિવારો કોઈ ઉત્સુકતા દાખલતા નથી. આ અંગે ઓનલાઈન ફોર્મ ભરવા બાબતે પાલિકા તંત્ર દ્વારા ફરી એક વાર સમય મર્યાદા વધારવામાં આવી છે. મહાનગરપાલિકાની એફર્ડેબલ હાઉસિંગ શાખા, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વિવિધ યોજનામાં આવાસો મેળવવા ઓનલાઈન અરજીઓ મંગાવાની પ્રક્રિયા અગાઉ કરવામાં આવી હતી. જે પૈકી ભાયલી ફાઈનલ પ્લોટ નં.93 ભાયલી ફાઈનલ પ્લોટ નંબર.116 અને સેવાસી ફાઈનલ પ્લોટ નંબર 71 ખાતેના ઈડબલ્યુએસ-2 ટાઈપના આવાસ મેળવવા ઈચ્છુકો પાસેથી વધુ એકવાર ઓનલાઈન ફોર્મ ભરવાની સમય મર્યાદા વધુ 15 દિવસ વધારવામાં આવી છે. આગામી તા.19 જુનથી 4 જુલાઈ સુધી લંબાવવામાં આવી છે. આગામી તા.4 જુલાઈ સુધી આ યોજનાના ફોર્મ ભરી શકાશે તેમ એફોર્ડેબલ હાઉસિંગ સેલ દ્વારા જણાવ્યું છે.

# પ્રથમ ભારે વરસાદથી નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતા સ્થાનિકોને ગયા વર્ષના પૂરની યાદ તાજી થતાં ઉચાટ ફેલાયો

વડોદરા શહેરમાં ગઈ મોડી રાત્રે વીજળીના કડાકા ભડાકા અને ભારે પવન સાથે મન મૂકીને ધોધમાર દોઢ ઈંચ વરસાદ પડતા શહેરના તમામ નીચાણવાળા વિસ્તારોના રહીશોમાં ઉચાટ ફેલાયો હતો. ઠેર ઠેર પાણી ભરાઈ જતા શહેરીજનોને ગયા વર્ષે વિશ્વામિત્રી નદીમાં આવેલા પૂરની યાદ તાજી થતા લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. જ્યારે પાલિકા તંત્ર દ્વારા કરાયેલી પ્રિમોન્સૂન કામગીરી માત્રને માત્ર કાગળ પર જ દેખાઈ હતી. પ્રિમોન્સૂન કામગીરી યોગ્ય રીતે નહીં કરાયાના આક્ષેપો વચ્ચે કોર્પોરેટરો પણ ચિંતામાં મુકાઈ ગયા હતા. આ ઉપરાંત નેતાઓ અને ધારાસભ્યો પણ ભરાયેલા પાણી બાબતે ચર્ચા કરતા હતા. જોકે જુદા જુદા વિસ્તારના કોર્પોરેટરો મોબાઈલ ફોનથી અન્ય કોર્પોરેટરોના વિસ્તારમાં ભરાયેલા પાણી બાબતે પૃચ્છા કરતા રહ્યા હતા. આમ પ્રિમોન્સૂન કામગીરીના ધજાગરા ઉડ્યા હતા. જોકે પાલિકા તંત્ર દ્વારા શહેરના મોટાભાગના તમામ રોડ રસ્તા ખોદી નાખ્યા હોવાથી તેમાં ભરાયેલા પાણીના કારણે વરસાદી પાણી સાથે ચીકણી માટી પણ રોડ ઉપર આવી જતા દ્વિચક્રી વાહન ચાલકો સ્લીપ થઈ ગયાના પણ અનેક બનાવો નોંધાયા હતા.

ઉલ્લેખનીય છે કે દિવસભરના વાદળિયા વાતાવરણ બાદ સમી સાંજે ઝરમર વરસાદ રાત સુધી ચાલ્યો હતો. પરિણામે રોડ રસ્તા માત્ર ભીના થયા હતા. પરંતુ રાત્રે એકાએક વીજળીના કડાકા ભડાકા સાથે સૂસવાટાભેર પવન શરૂ થયો હતો અને જોત જોતામાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. સતત વરસતા વરસાદ વચ્ચે શહેરના મોટાભાગના તમામ નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી સ્થાનિક લોકોમાં ગભરાટ ફેલાઈ જવા સાથે શહેરમાં ગયા વર્ષે આવેલા ભારે પૂરની યાદ તાજી થતા સૌ કોઈમાં ઉચાટ ફેલાયો હતો.

# જી સ્વાનનું બે દિવસથી નેટવર્ક બંધ કોઠી વિસ્તારની સરકારી કચેરીઓમાં પ્રોપર્ટીકાર્ડ સહિતના ઠપ થયેલા કામો

## કુબેર ભવન, જૂની કોઠી કચેરીમાં આવેલી સરકારી કચેરીઓને અસર : બે દિવસથી લોકોને ધરમધક્કા

વડોદરાના કોઠી વિસ્તારમાં આવેલી સરકારી કચેરીઓમાં છેલ્લા બે દિવસથી જી સ્વાન નેટવર્ક ઠપ થઈ જવાથી સરકારી કામગીરી બંધ થઈ જતા અનેક નાગરિકોને હેરાન પરેશાન થવું પડયું હતું.

ઉલ્લેખનીય છે કે શહેરના કોઠી વિસ્તારમાં આવેલ જૂની કલેક્ટર કચેરી, કુબેર ભવન તેમજ સિટિ સર્વે કચેરીઓમાં જી સ્વાન બંધ હોવાથી ગઈકાલ અને આજે આખો દિવસ કામગીરીને અસર પડી હતી. સિટિ સર્વે કચેરીમાં આવતા અનેક અરજદારોના કામો ટલ્લે ચડયા હતાં એટલું જ નહી પરંતુ જી સ્વાન ઠપ થવાથી જૂન મહિનાના પગારબિલો બનાવવામાં પણ કર્મચારીઓને હેરાનગતિનો સામનો કરવો પડયો હતો.

પ્રોપર્ટીકાર્ડને લગતી કામગીરી ઉપરાંત કુબેર ભવન ખાતે આવેલી સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધવાની કામગીરી એક તબક્કે બંધ થઈ ગઈ હતી પરંતુ બીજી સિસ્ટમ હોવાના કારણે થોડા સમય બાદ દસ્તાવેજ નોંધણી ચાલુ થઈ ગઈ હતી. છેલ્લા બે દિવસથી લોકો હેરાન પરેશાન થઈ રહ્યા હોવા છતાં તેનું નક્કર પરિણામ આજે સાંજ સુધી થઈ શક્યું ન હતું.

જી સ્વાન નેટવર્કમાં ખામી સર્જાતા મહત્વની સરકારી કચેરીઓમાં જ કામગીરીને અસર પડી હતી. કોઠી વિસ્તારમાં આવેલી બે સિટિ સર્વે કચેરીઓ તેમજ જમીન માપણી કચેરી સહિત અન્ય કચેરીઓમાં અરજદારોને છેલ્લા બે દિવસથી ધરમધક્કા થઈ રહ્યા છે.

Siddhi I.C.U. & MULTISPECIALITY HOSPITAL
મહારાણી ગર્લ્સ હાઈસ્કુલ પાસે, કપ્તાન ફળિયા, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧.
NABH Accredited
સિટી એરિયાનું એકમાત્ર સુસજ્જ ઓપરેશન થિયેટર અને આઈ.સી.યુ. ની સુવિધા ધરાવતું હોસ્પિટલ
ઓ.પી.ડી., આઈ.સી.યુ., દાઝેલા માટે સ્પે. સારવાર, સુસજ્જ ઓપરેશન થીયેટર, ડાયાલીસીસ વિભાગ, ૨૪×૭ તાત્કાલિક સારવાર, એક્ષ-રે વિભાગ, ફિઝીઓથેરાપી, ફાર્મસી, લેબોરેટરી ૨૪ કલાક, એમ્બ્યુલન્સની સુવિધા, આરોગ્યપ્રદ આહારની સુવિધા
(0265) 2432100 72260 15001 (ICU) 72260 15002 (ઈમરજન્સી)

Siddhi I.C.U. & MULTISPECIALITY HOSPITAL
HOPE • LIVES • HERE
એપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત છે. એપોઈન્ટમેન્ટ લીધા વગર આવવું નહી.
આ કુપન એક જ વ્યક્તિ માટે માન્ય છે તથા પહેલી વખત આવો ત્યારે જ વાપરી શકાય.
HEALTH COUPON
Free RBS
Free BP Check-up
Free BMI
Free Consultation
દાખલ ચાર્જ અને સર્જીકલ ચાર્જ ઉપર ૧૫% ડિસ્કાઉન્ટ
Behind Maharani Girl's High School, Kaptan Faliya, Raopura, Vadodara-390001.
Ph.: (0265) 2432100 M.: 72260 15001 (ICU) / 72260 15002 (Reception)
Email : siddhimultispecialityhospital@gmail.com

EDITOR- PRINTER-PUBLISHER & OWNER BY : GHADHIYALI MUMTAZ NISARMAHENDI PRINTED BY : HIMALI GRAPHICES & PRINTING PRESS MANOHAR CHOWK,VACCHEVAD NADIAD 387001. GUJARAT, INDIA. PUBLICATION BY : A-15, RAJIV AAVASH, NEAR J.P. POLICE STATION, TANDALJA, VADODARA-390012 , DIST, GUJARAT,
*RESPONSIBLE FOR SELECTION OF NEWS UNDER PRB .ACT N EDITOR : GHADIYALI MUMTAZ NISARMAHENDI.